॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ફેબ્રુઆરી ૨૦૧૨
રૂ. ૫/૦૦



શાકોત્સવ પ્રસંગે શાકનો વઘાર આપતાં પૂ. મહંત સ્વામી
આદિ વડીલસંતો તથા હરિભક્તો - ભુજ



શાકોત્સવમાં ઉપસ્થિત હરિભક્તો-ભુજ



ભુજ મંદિરે ઠાકોરજીના દર્શન કરવા સુપ્રીમ કોર્ટના જજ શ્રી સી.કે. પ્રસાદ પધાર્યા હતા. મંદિર જોઈ પ્રભાવિત થયેલા જજ સાહેબનું પૂ. મહંત સ્વામી શાલ અર્પણ કરી સન્માન કરી રહ્યા છે.


























(૧) અંજાર મંદિરે શાકોત્સવ. (૨) અંજાર મંદિરે શાકોત્સવમાં સેવા આપતા કર્મયોગી બહેનો. (૩) ધુન પ્રસંગે દિવ્ય મહાઆરતી–અંજાર. (૪) શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરોના વાર્ષિક પાટોત્સવના દિવસે શ્રી ઘનશ્યામ મહારાજને અભિષેક કરાવતા સંતો. (૫–૬) કેન્ટન હેરો મંદિરે પાટોત્સવ અભિષેકના દર્શનનો લ્હાવો લઈ રહેલા હરિભક્તો તથા કર્મયોગી બહેનો. (૭–૮–૯) ભુજ મંદિરે ધુનમાં સહભાગી હરિભક્તો તથા આચાર્ય મહારાજ અને સંતો. (૧૦) નૂતન સ્વામિનારાયણ મંદિરના ઉપક્રમમાં પ્રભાત ફેરી–અંજાર. (૧૧) ધનુર્માસમાં સેવામાં સાં.યો. બહેનો. ભુજ. (૧૨) બળદિયા (ઉપલોવાસ) પંચાહ્ન પારાયણ પ્રસંગે ઉપસ્થિત હરિભક્તો.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

।। यावज्जीवं च शुश्रूषा कार्या ।।

।। मानवसेवा प्रभुसेवा।।

**ધર્મ, જ્ઞાન, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક**


## લેખકોને ખાસ વિનંતી

- ❖ આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- ❖ લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- ❖ લેખક એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- ❖ કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ❖ ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- ❖ કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- ❖ સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

## :: લવાજમ ::

| | |
|---|---|
| દેશમાં :- ✔ | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં :- ✔ | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- ❖ અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.
- ❖ પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.


**:: E-mail ::**

sandesh@bhujmandir.org

info@bhujmandir.org

**:: website ::**

www.bhujmandir.org.



પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૬

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૧, અંક - ૨ - ફેબ્રુઆરી-૨૦૧૨
સળંગ અંક - ૩૧૫

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**-:: સંસ્થાપક ::-**

અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**-:: માલિક ::-**

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**-:: પ્રકાશક અને મુદ્રક ::-**

સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**-:: તંત્રી ::-**

શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**-:: સહતંત્રી ::-**

શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી

સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧
ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

## તંત્રીની કલમે...

એક કથા પ્રમાણે કોઈ ખેડૂતને અતિ સુખી અને સમૃધ્ધ જોઈને કળિયુગે પોતાના મિત્ર શયતાનને કહ્યું, આ ખેડૂતને પાયમાલ અને દુઃખી કરી દે, શયતાને કહ્યું, ભલે. શયતાને દારુ બનાવ્યો અને કપટભાવથી ખેડૂત સાથે હળીમળી ગયો. તેણે હળવે-હળવે ખેડૂતને શરાબનો ચસકો લગાડી દીધો.

બસ. કળિયુગનું કામ થઈ ગયું. વ્યસનના ફંદામાં ખેડૂતનો ધંધો, ઘર, પરિવાર બધું હતાહત થઈ ગયું. તેની દશા જોઈ કળિયુગ હસતો હતો.

કહેવાય છે, 'વ્યસન બૂરી ચીજ છે. વ્યસનથી વિનાશ' પરંતુ વ્યસનનો પરિવાર - બીડી, તમાકુ, સિગરેટ, ગાંજો, ભાંગ, અફીણ, ગુટકા, જેવાં વ્યસનો સામાન્ય બની ગયાં છે, ''ચહા એટલે ઘર ઘરનું પીણું'' ગણાય છે એને ઠેકાણે આઝાદી પછી રામરાજ્યમાં ''દારુ એટલે ઘરઘરનું પીણું'' કહી શકાય તેવો તાલ થયો છે. પારધીની જાળમાં પંખીઓ ફસાઈ જાય તેમ બુધ્ધિપૂર્વક વિચાર ન કરનાર મૂર્ખજનો વ્યસનોની લપેટમાં ફસાઈ જાય છે.

પંડિત કહે છે - ''વ્યસનેન તુ મૂર્ખાણામ'' મૂર્ખજનોનો સમય વ્યસનમાં વીતે છે. સેવન કરવાની મનાઈ કરી છે.

ભગવાન સહજાનંદ સ્વામીએ તેમના આશ્રિત એવા આપણને કેફી પદાર્થોનું સેવન કરવાની મનાઈ કરી છે. વિશેષ પ્રચલિત એવાં સૂરા અને મદ્ય તેનું પાન ન કરવાની (ન પીવાની) આજ્ઞા કરી છે. આ રીતે હળવાં, ભારે તમામ વ્યસનોનો નિષેધ કર્યો છે.

વ્યસનને પોષવા ચોરી, ભ્રષ્ટાચાર, ઝઘડા ટંટા, મારામારી, ખૂન ખરાબા આદિ પરિવાર વ્યસનીના જીવનમાં પ્રવેશે છે. લાચાર દશામાં આપઘાત, ફોજદારી, ગુનામાં જેલ, નિર્દોષ કુટુંબની અપકીર્તિ અને દુર્દશા એ બોણીમાં !

સમાજને વ્યસનોથી તથા બીજાં દૂષણોથી બચાવી વ્યસનીને સુખી રાખવાની જવાબદારી રાજશાસનને માથે છે. આઝાદી પહેલાં રાજાઓ તથા અંગ્રેજોના શાસનમાં દારૂબંધી ન હોવા છતાં દારૂબંધી જેવો અમલ હતો. રાજશાસન દ્વારા રાજ્યની ડિસ્ટિલરીમાં દારૂ બનતો. વ્યસનીજનો લાયસન્સ ધરાવનાર પીઠા ઉપર જઈને અથવા કલાલને ત્યાં જઈને પી લેતા. જેમને દારૂ વર્જિત હતો એ લોકો જ દારૂ પીતા.

દારૂબંધી કાયદાથી પરાણે લાદવાથી, કાયદાનું પાલન થતું ન હોવાથી, કાયદામાં છટકબારીઓ રહેવાથી દારૂ બંધ ન થયો અને દારૂબંધી ફારસરૂપ બની ગઈ.

કાયદાનું ફરમાન હોય કે શાળાથી અમુક અંતર સુધી ગુટકાનું વેંચાણ કરવું નહીં, તો શું વિદ્યાર્થી એટલું અંતર કાપીને ગુટકો લઈ આવી નહીં શકે ?

બોદું રાજતંત્ર પ્રજાજનોને વ્યસનોમાંથી બચાવી શકે તેમ નથી. પરિવારના વડીલો, ધર્મનિષ્ઠ સુધારકો, ધર્મપરાયણ સંતો, સદાચારી વિદ્વાન વિચારકો આ દિશામાં જરૂર સારું પરિણામ લાવી શકે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંતોની દોરવણી સાથે યુવક મંડળો દ્વારા શિબિરો યોજીને પત્રિકાઓ દ્વારા પ્રચાર કરીને, ચિત્રો દ્વારા જીવલેણ રોગોની પ્રત્યક્ષ માહિતી આપીને વ્યસમમુક્તિનું અભિયાન ચલાવવામાં આવે છે.

શ્રીજી મહારાજની આજ્ઞા અને સંતોના અભિયાને સંપ્રદાય ઉપરાંત અન્ય સમાજને પણ વ્યસનોની બદીથી મુક્ત રાખેલ છે. સંપ્રદાયમાં તો કહેવત પ્રચલિત બની ગઈ છે કે, ''કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા'' ઈતિ. જય શ્રી સ્વામિનારાયણ.

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

*લેખાંક – ૫*

લેખક :- ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી - વેદાન્તાચાર્ય

***(ગતાંકથી ચાલુ)***

***વેદ સાર્વભૌમ ઇતિહાસ છે.***

વેદમાં કોઇ વિશેષ વ્યક્તિ અથવા કોઇ વિશેષ દેશ અથવા કોઇ વિશેષ કાળનો ઈતિહાસ નથી લખાયો. વેદમાં તો શાશ્વત ઈતિહાસ લખાયો છે. તેથી વેદ સાર્વભૌમ ઈતિહાસ છે. એજ રીતે વેદમાં કોઇ વિશેષ મત અથવા કોઇ વિશેષ સંપ્રદાયનું પ્રતિપાદન કરવામાં નથી આવ્યું. વેદ તમામ મત-મતાન્તર અને સંપ્રદાયોનું મૂળ છે. જો મત-મતાન્તરમાં વૈદિક જ્ઞાન કાઢી નાખવામાં આવે તો તે મત અથવા સંપ્રદાય ધરાશાયી થઇ જાય. પરન્તુ વૈદિક જ્ઞાનને કોઇ ધરાશાયી ન કરી શકે. કારણ કે વેદ કોઇ વ્યક્તિ પર આધારિત નથી. વેદ સમસ્ત મનુષ્ય જાતિ માટે છે. વેદ વ્યક્તિપરક નથી તે તો જ્ઞાન પરક છે. વેદ શબ્દનો અર્થ જ ***'જ્ઞાન'*** થાય છે. સામાન્ય પુસ્તકોમાં માત્ર આલોકનું જ્ઞાન વિવેચન કરવામાં આવતું હોય છે. પરન્તુ વેદમાં આ લોકનું અને પરલોકનું જ્ઞાન, ભૌતિકની સાથે આધ્યાત્મિક જ્ઞાન અને અભ્યુદયની સાથે નિઃશ્રેયસનું પણ વિવેચન કરવામાં આવ્યું છે. જો માનવ જીવન માટે વેદની એટલી ઉપયોગીતા ન હોતી તો ભારતદેશના આચાર્યો, બ્રહ્મણો, વિદ્વાનો પોતાનો પ્રાણ આપીને પણ વેદ જ્ઞાનની રક્ષા શા માટે કરે ? અને વેદ કંઠસ્થ કરવામાં પોતાનું જીવન શા માટે વ્યતિત કરે ? ब्राह्मणेन निष्कारणं षडङ्गो वेदोऽध्येयः । બ્રાહ્મણોને કોઇ પણ ફળની આશા વિના વેદોનું અધ્યયન કરવું જોઇએ. આ નિયમ પ્રમાણે કોઇ માત્ર ભૌતિક લાભ માટે વેદોનું અધ્યયન - અધ્યાપનમાં પોતાનું સમગ્ર જીવન વ્યતિત શા માટે કરે ? વેદાધ્યાયન વિના ચતુર્વેદી, ત્રિવેદી અને દ્વિવેદી અને પાઠી જેવી વંશપરંપરા ન હોત અને વેદ જ્ઞાન વિના ભારતમાં પ્રાચિન કાળમાં જ્ઞાન-વિજ્ઞાનમાં આટલી ઉન્નતી ન હોત અને આજે પણ દેશ-વિદેશના વિદ્વાનો પણ આટલી મોટી સંખ્યામાં વેદાધ્યયન પ્રત્યે રૂચિ અને તેમાં જીવન વ્યતિત ન કરે. અને આજે વિશ્વસભરમાં વેદના જ્ઞાનને કારણે જ ભારતીય લોકોની બુદ્ધિની પ્રસંશા કરવામાં આવે છે. તે ન કરે.

તેથી સિદ્ધ થાય છે કે -

(૧) વેદમાં પ્રતિપાદિક સર્વે સિદ્ધાન્ત સાર્વભૌમ, સાર્વજનિક અને સાર્વકાલિક છે. તે કોઇ દેશ વિશેષમાં રહેતા કોઇ એક માનવ જાતિ અથવા કોઇ વિશિષ્ટ સમુદાયના લોકો માટે નથી.

(૨) વેદજ્ઞાન મનુષ્યના સર્વોતો મુખ વિકાસનાં સાધનાનો દ્યોતક છે.

(૩) વેદમાં વર્ણિત કોઇ પણ સિદ્ધાન્ત, બુદ્ધિ વિજ્ઞાનના અનુભવથી વિરુદ્ધિ નથી. અર્થાત્ આજના વિજ્ઞાનથી વિરુદ્ધ નથી.

(૪) વેદ પક્ષાપાતશૂન્ય ભ્રાન્તિરહિત જ્ઞાનનું પ્રતિપાદન કરે છે.

(૫) વેદમાં બતાવેલ તમામ જ્ઞાન સદ્વિદ્યા છે.

(૬) વેદમાં સૃષ્ટિક્રમ, પ્રત્યક્ષાદિ પ્રમાણ, આપ્ત અને પવિત્રાત્માના વ્યવહારથી વિરુદ્ધ કોઇ પણ વચન નથી.

(૭) વેદમાં ઈશ્વરના ગુણ,કર્મ, સ્વભાવ, રૂપ-સ્વરૂપને અનુકુળ વર્ણન છે. અર્થાત્ ઈશ્વરનું યથાર્થ વર્ણન કરેલ છે.

(૮) સૃષ્ટિના આરંભથી આજ સુધી ભગવાનના અવતારો, આચાર્યો, ભક્તો, સંતો, બ્રહ્મા, મહર્ષિઓ, ઋષિઓ, મુનિઓ,મુન, વ્યાસ, જૈમિની, શ્રીશંકરાચાર્ય, રામાનુજાચાર્ય આદિ આચાર્યો, શ્રીરામકૃષ્ણ, ભગવાન શ્રીસ્વામિનારાયણ આદિ

ભગવાનના અવતારો, સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામી, શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી મુક્તાનંદ સ્વામી, શ્રીનિત્યાનંદ સ્વામી આદિ સંતો -ભક્તો આદિ સર્વે વેદવિદ્યાને અનુસરતા આવ્યા છે.

જેમ હિમાલયનું સર્વોચ્ચ શિખર આ મનુષ્યને ચુનોતી આપે છે, જેમ સાગરની ઊંડાઇ વૈજ્ઞાનિકોને બોલાવે છે, જેમ મંગળ અને ચંદ્રમા આદિ ગ્રહ-ઉપગ્રહ કોઈ સાહસી અન્તરિક્ષ-યાત્રીકની પ્રતીક્ષા કરે છે. અને માનવ જિજ્ઞાસું થઈ ને તે ચુનોતીનો સ્વીકાર કરી અજ્ઞાતના અનન્ત રહસ્યના ખોજ માટે પોતાના વિજય પથ પર નિકળી પડે છે. જેવી જ રીતે શું વૈદિકજ્ઞાનનું આ સર્વોચ્ચય શિખર, વૈદિકજ્ઞાનનો આ મહાસાગર, જ્ઞાનનો આ તપતો આ સૂર્ય માનવ બુદ્ધિ અને પરિશ્રમ માટે ચુનોતી નથી ? જ્ઞાનના ભંડારરૂપ વેદ, જ્ઞાનના આયામને કોઈ પોતાના વક્ષસ્થળમાં છૂપાવી શકે તેવા સાહસી તપસ્વી વ્યક્તિની આજે પ્રતિક્ષા કરે છે.

***વેદના ત્રણ કાંડ***

આ લોકમાં અને પરલોકમાં મનુષ્યને વેદ-વિજ્ઞાન, કર્મ, ઉપાસના, અને જ્ઞાન આ ચાર વિષયના અનુષ્ઠાનમાં પુરુષાર્થ કરવો જોઈએ. કારણ કે આમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિ થાય છે, અને એજ મનુષ્ય શરીર ધારણ કરવાનું ફળ છે.

***(૧) જ્ઞાન કાંડ*** – સર્વે પદાર્થને યથાવત જાણવું અર્થાત્ જીવ-ઈશ્વર અને માયા આ ત્રણ તત્ત્વને ઓળખવા અને તૃણ પર્યન્ત સર્વે પદાર્થને સાક્ષાત્ બોધ થવો અને તેનો યથાયોગ્ય ઉપયોગ લેવો તેને વિજ્ઞાન કહેવાય. ચારે વિષયમાં આ વિષય પ્રધાન છે કારણ કે વેદનો મુખ્ય તાત્પર્ય સર્વે પદાર્થનું જ્ઞાન કરાવવું છે.

***મુખ્યતઃ જ્ઞાનના બે પ્રકાર છે –***

***(અ)*** પરમાત્માનું યથાવત્ જ્ઞાન અને તેની આજ્ઞાનું બરાબર પાલન કરવું .

***(બ)*** તેમણે રચેલ સર્વે પદાર્થો ( પ્રાકૃતિક વસ્તુઓ)ના ગુણોને યથાવત્ જાણીને તેનાથી કાર્ય સિદ્ધિ મેળવવી. અર્થાત્ કયું પદાર્થ કયા પ્રયોજન માટે રચ્યું છે તેને જાણવું.

***(૨) કર્મકાંડ***

ક્રિયા પ્રધાનને કર્મકાંડ કહે છે. તેનાં વિના વિદ્યાભ્યાસ અને જ્ઞાનની પૂર્તિ થતી શકતી નથી. કારણ કે - બાહ્ય વ્યવહાર તથા માનસ વ્યવહારનો સમ્બન્ધ આ બન્ને બાહર અને અંદર સાથે-સાથે રહે છે. તે અનેક પ્રકાના છે. પરન્તુ

***મુખ્ય બે પ્રકારના છે –***

***(અ)*** પરમાર્થ માર્ગ - પરમાર્થની સિદ્ધિ ઈશ્વરની સ્તુતિ, પ્રાર્થના, ઉપાસના, યજ્ઞાનુષ્ઠાન,વિધિ-વિધાનનું પાલન કરવું, ન્યાયાચરણ અર્થાત્ ધર્માનુષ્ઠાન કરવું આદિ કર્મ દ્વારા મનુષ્ય મોક્ષ પ્રાપ્તિમાં પ્રવૃત થઈ શકે છે. જ્યારે મોક્ષ પ્રાપ્તિ માટે અર્થાત્ ઈશ્વર પ્રાપ્તિ માટે ધર્માનુંષ્ઠાન યુક્ત કર્માનુષ્ઠાન કરવામાં આવે તેને નિષ્કામ માર્ગ કહેવાય છે. કારણ કે નિષ્કામ કર્મમાં આ લોકની સાંસારીક કામનાઓની ઈચ્છા કરવામાં નથી આવતી. નિષ્કામ કર્મનું ફળ અક્ષય હોય છે.

***(બ)*** બીજો લૌકિક માર્ગ - લોક વ્યવહારની સિદ્ધિ માટે આચરવામાં આવે છે. ધર્મ દ્વારા અર્થ અને કામ ની સિદ્ધિ આપનાર સાધનોની પ્રાપ્તિ થાય છે. આ સકામ માર્ગ છે. કારણ કે આ અનુષ્ઠાનમાં સંસારના ભોગોની ઈચ્છાથી ધર્માનુષ્ઠાન કરવામાં મનુષ્ય પ્રવૃત્ત થાય છે. પરન્તુ તેનું ફળ નાશવંત હોય છે. આલૌકિક અનુષ્ઠાનથી જીવ જન્મ-મરણના ચક્રથી છૂટતો નથી અગ્નિહોત્ર થી લઈને અશ્વમેધ (રાષ્ટ્રસેવા, રાષ્ટ્રપાલન, રાષ્ટ્રસમૃદ્ધિ, રાષ્ટ્રવિચાર, પર્યન્ત, યજ્ઞક્રિયા પણ લૌકિક માર્ગમાં સમાવેશ થાય છે. કારણ કે આ અનુષ્ઠાનથી સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય છે પરન્તુ મોક્ષ પ્રાપ્તિ થતી નથી.

વેદમાં બ્રહ્મચર્ય સત્યભાષણાદિ વિહિતનું પાલન કરવું તે વિધિ ધર્મ કહેવાય છે અને વ્યભિચાર, હિંસા મિથ્યાભાષણાદિ કરવું તે નિષિદ્ધ કર્મ કહેવાય છે. વિહિતનું અનુષ્ઠાન કરવું તે, 'ધર્મ' છે અને તેને ન કરવું તે 'અધર્મ' છે એવી જ રીતે નિષિદ્ધને કરવું તે અધર્મ છે અને તેને ન કરવું તે ધર્મ છે.

(ક્રમશઃ)

લેખ નં. ૭૩

# આયુર્વેદિક સરળ ઉપચાર

- મહેન્દ્ર બી. દવે
(માંડવી)

## જીર્ણ જ્વર (Chronic fever)

આ અગાઉના બન્ને લેખોમાં તાવ વિશે મહિતગાર થયા હવે આપણે જીર્ણજ્વર વિશે જાણીશું.

એક વખત તાવ આવી ગયા પછી કાયમ માટે ઝીણો તાવ રહેતો હોય તેને જીર્ણજ્વર કહે છે. આપણે તેને 'હાડમાં તાવ - હાડબરી' કહીએ છીએ. આ પ્રકારના તાવથી સતત અશક્તિ લાગવી, ભૂખ ન લાગવી, નાડીની ઝડપી ચાલ, જીભ ઉપર મેલ આ પ્રકારના તાવથી બરોળ વધવી આથી કાળજાનો દુઃખાવો થવો, શરીરમાં ફિકાશ વધવી. આ ચિહ્નો સતત ચાલુ રહે તો ક્ષય રોગ (ટી.બી.) પણ થઈ શકે છે. ઉપાય-૧ : જીર્ણજ્વર ઉપર નીચે પ્રમાણે પીપર (લીંડી પીપર) નો પ્રયોગ અસરકારક છે. પાંચ પીપર ઝીણી વાટવી પછી બે કપ દૂધ અને ત્રણ કપ પાણી મીક્સ કરી વાટેલી પીપર નાખી ઉકાળવું. પાણીનો ભાગ બળી ગયા પછી ઠર્યા બાદ મધ અથવા સાકર નાખી ગાળ્યા વગર પી જવું. રોજ ત્રણ-ત્રણ પીપર વધારતા જવું. ૫, ૮,૧૧,૧૪ આમ ૨૯ સુધી ગણવી. (દિ-૯) પીપર જેમ વધે તેમ દૂધ અને પાણી પણ ઉપરના હિસાબે વધારતા જવું. એ જ પ્રમાણે દશમા દિવસે ત્રણ-ત્રણ પીપર ઘટતા જવું એટલે ૧૮ દિવસનો પ્રયોગ થશે. અશક્ત દરદી માટે પાંચ પીપરવાળો પ્રયોગ યોગ્ય છે. સામાન્ય નબળા રોગી માટે ૩ પીપરથી શરુઆત કરી રોજ ત્રણ વધારતા જવું. ૨૧ સુધી પહોંચવું (દિ. ૭) આઠમા દિવસે ત્રણ-ત્રણ ઘટતા જવું. આમ ૧૪ દિવસનો પ્રયોગ થશે. દિવસમાં કોઈપણ સમયે એક વખત આ પ્રયોગ કરવો. દૂધ ગાયનું જ લેવું. આ પ્રયોગથી જીર્ણજ્વર વિશેની ઉપરની બધી જ તકલીફો દૂર થાય છે. આ પ્રયોગ 'વર્ધમાન પિપ્પલી પ્રયોગ' ના નામે ઓળખાય છે. ગણદેવીની પીપર વખણાય છે. (પીપર ગરમ પડવાની શંકા રાખવી નહીં) ઉપાય-૨ : અભયાદિ કવાથ સવાર/સાંજ ૨-૨ ચમચા પાણી સાથે. ઉપાય-૩ : લીંડી પીપર ચૂર્ણ + ગળો ચૂર્ણ બન્ને માંથી અડધી-અડધી ચમચી મીક્સ કરી સવાર/સાંજ પાણી સાથે. ઉપાય-૪ : સંશમનીવટી નં. ૩ (ગળોનો ઘન) સવાર/સાંજ ૫-૫ ગોળી દૂધ સાથે. ઉપાય-૫ : નિબાદિચૂર્ણ સવાર/સાંજ અડધી-અડધી ચમચી પાણી સાથે.

જમવામાં સાદો ખોરાક. મગનું પાણી, ગળેલા ભાત, લીલા શાક, દૂધ, ઘી વગેરે લઈ શકાય. આવી રીતે રુચિ પ્રમાણે ખાવું. ચોખ્ખી હવામાં રહેવું. આરામ કરવો.

ઉપરના પ્રયોગોમાં 'વર્ધમાન પિપ્પલી પ્રયોગ' સૌથી સારો છે. બાકીના પ્રયોગમાંથી ઉપાય નં. ૨-૩ અથવા ઉપાય નં. ૪-૫ સાથે કરવો.

નોંધ : જીર્ણ જ્વરના દરદીએ પોતાની પાચન શક્તિનો ખ્યાલ રાખીને દૂધ, ઘી ખાવા.

(હવે પછી ઈન્ફલુએન્ઝા)

# મહિમાનો અમર ખજાનો

- યુવતી મહિલા મંડળ(નારાણપર ઉ.વા.)

જય શ્રી સ્વામિનારાયણ.

ગામ ટોંબીના ભક્તરાજ વીરા સાખંડનો વચેટ પુત્ર એટલે અમરા ભગત જાતે કોળી પટેલ. ઉંમર તેની માત્ર ૧૮ વર્ષની

આ અમરા ભગત એકવાર ગઢડામાં સમૈયાનો લાભ લેવા આવ્યા. સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ તેને ઉત્સાહી જાણી સફાઈની સેવા આપી. પછી ઉત્સવમાં આવેલ હજારો હરિભક્તો તથા સંતોની સેવામાં ભગત ઓતપ્રોત થઈ ગયા. બધે જ વાળવું, વાસીદું કરવું, પાયખાના સાફ કરવા વગેરે સેવા રાત-દિવસ કરે.

પંદર દિવસ પછી સ.ગુ. ગોપાળાનંદ સ્વામી અતિ રાજી થયા. પૂ. સ્વામી હૈયાના હેતથી ભગતને ભેટ્યા તથા માથે હાથ મૂક્યા. વળી આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા સર્વે સંતોનો પણ તેવો જ રાજીપો અપાવ્યો.

સર્વોપરી શ્રીહરિના પ્રાણપ્યારા મહામુક્તોના રાજીપાનો અમરા ભગતને એવો તો કેફ ચઢ્યો કે તે જ વખતે મનોમન ઠરાવ કરી નાખ્યો કે હવે આજીવન બ્રહ્મચર્ય પાળવું તથા ક્યારેય વાળ ન કપાવવા. કેમ કે જેના રોમરોમમાં પુરુષોત્તમ બિરાજે છે તેવા ગુરુરાજ શ્રી ગોપાળાનંદ સ્વામી આ કાયાને ભેટ્યા માટે હવે દુઃખદાયી ડોસી દ્વારા તેને અભડાવાય નહીં. વળી મારા માથા ઉપર સર્વે મુક્તોએ હાથ મૂક્યા છે તેથી પ્રસાદીના વાળ કપાવાય નહીં.

વ્હાલા ભક્તો આ પ્રસંગ પછી ૫૦ વર્ષ પસાર થઈ ગયા પણ અમરા ભગતની ટેક અખંડિત રહી. છેલ્લા શ્વાસ સુધી નૈષ્ઠિક બ્રહ્મચર્ય તથા માથે પ્રસાદીના વાળ રાખ્યા. તેમાં ભવ બ્રહ્માદિકને પણ ભય પમાડનારા કામ કે માન ક્યારેય નડી શક્યા નહીં. લાખો લાખો પ્રણામ આવા મહિમાવંત મુક્તોને !

# અમૃત ક્યાં છે ?

- સત્યપ્રકાશ પાંડે (છપૈયા હાલે માંડવી)

એક વખત નૈમિષારણ્ય ક્ષેત્રમાં ઘણા ઋષિ મુનિઓ, મહાત્માઓ ભેગા થયા. ત્યાં એવો પ્રશ્ન ઊઠ્યો કે અમૃત ક્યાં હશે ?

ત્યારે કેટલાક કહે અમૃત સમુદ્રમાં હોવું જોઈએ. કારણ કે સમુદ્ર મંથન વખતે લક્ષ્મીજી સમુદ્રમાંથી અમૃતનો ઘડો લઈને નીકળ્યાં છે. બીજા કહે તેમાં હોય તો સમુદ્ર ખારો કેમ રહે ? માટે અમૃત સમુદ્રમાં ન હોવું જોઈએ.

ત્યાં કોઈ કહે ચંદ્ર ઉપર હોવું જોઈએ, કારણ કે તે સૌને શાંત અને શીતળ બનાવે છે અને વનસ્પતિ માત્રનું પોષણ કરે છે. ત્યારે કેટલાક કહે તેમાં હોય તો તેને ક્ષય રોગ કેમ હોય ? માટે ચંદ્ર ઉપર પણ ના હોય.

ત્યારે કોઈ કહે સ્ત્રીના મુખમાં અમૃત હશે જેથી મોટા-મોટા દેવ, યોગી, રાજા, તપસ્વીઓને પણ મોહ ઉપજાવી ને મોક્ષ માર્ગમાંથી ભ્રષ્ટ કરી નાખે છે. ત્યારે કેટલાક કહે સ્ત્રીમાં હોય તો તેનો પતિ મરે કેમ ? માટે અમૃત સ્ત્રીમાં પણ ન હોય.

ત્યારે કેટલાક કહે પાતાળમાં તો અમૃત જરૂર હોવું જોઈએ. તો કહે ત્યાં હોય તો સર્પોમાં ઝેર કેમ રહે ? માટે ત્યાં પણ ન હોય. ત્યારે કેટલાક લોકો કહે સ્વર્ગમાં જરૂર અમૃત હોવું જોઈએ. તો કહે, ના ના ત્યાં હોય તો દેવતાઓ પૃથ્વી પર કેમ પડે ? માટે ત્યાં પણ અમૃત ન હોય.

ત્યારે બધા મળી પરસ્પર વિચાર કરીને બોલ્યા, "વાહ, વાહ, અમૃત તો એક ભગવાનના ભક્ત સાધુ પુરુષના મુખમાં જ રહેલું છે કેમ કે જે સંત પુરુષની કથાનું પાન કરે છે તે કુટુંબ સહિત અમર થઈ જાય છે"

માટે સાધુ પુરુષના મુખમાં જ સાચું અમૃત છે. તેથી તો પાપ ના પર્વતરૂપ પાતકીઓ પણ સાધુના દર્શનથી અને સેવા સમાગમથી પાવન થાય છે. માટે આ લોક, પરલોકમાં સુખનું સાધન માત્ર સંત જ છે અને મોક્ષ પણ સાધુના રૂડા સંગથી જ મળે છે. સ્ત્રી, છોકરાં પરનો સ્નેહપાશ પણ સાધુના સંગથી જ તૂટે છે. માટે આ લોક અને પરલોકમાં જેને પરમ સુખી થવું હોય તેમણે તો હંમેશાં સંત સમાગમ કરવો જોઈએ.

સંકલન : લેખા મહેતા
(ભુજ)

# શિક્ષાપત્રીમાં વાણીનું મહત્વ

આપણા રોજબરોજના જીવનમાં આપણી દૈનિક પ્રવૃત્તિમાં ધર્મનિષ્ઠા, કર્મનિષ્ઠા અને આત્મનિષ્ઠા સચવાઈ રહે તે માટે શ્રીજી મહારાજે આપણને ઘણા ઉપદેશો અને ઉત્તમગ્રંથોની મહામૂલી ભેટ આપી છે. જેના વાંચન અને મનથી તથા વર્તનમાં આપણે રાખીએ તો મોક્ષના દ્વાર અચૂક ખૂલે અને મહારાજ વિમાન લઈને લેવા આવે છે.

શ્રીજી મહારાજે શિક્ષાપત્રી અમૂલ્ય ગ્રંથ આપીને આપણને ધર્મની સાચી દિશા બતાવી છે. એક-એક શ્લોક મનુષ્ય તરીકે આપણે શું કરવું અને શું ન કરવું તે ખૂબ સરળ રીતે સમજાવ્યું છે. તે ઉપરાંત દરેક ગૃહસ્થો, નૈષ્ઠિક બ્રહ્મચારીઓ અને સંતોએ કેવી રીતે જીવનમાં સદાચાર અને નિયમો પાળવા તે પૃથક-પૃથક કરીને બતાવ્યા છે.

શ્લોક નં. ૨૦ માં શ્રીજી મહારાજે સમજાવ્યું છે કે, ''પોતાના સ્વાર્થની સિધ્ધિને અર્થે પણ કોઈને વિશે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો અને કોઈને ગાળ તો ક્યારેય ન દેવી''

શ્રીજી મહારાજ વાણીથી થતા પાપો નહીં કરવાની સૂચના આપે છે. શરીરથી જ પાપ થાય એવું નથી વાણીથી પાપ થાય, મન, કર્મ, વચનથી, મનથી કોઈનું ખરાબ ચિંતવીએ તો એ માનસિક પાપ છે. ચોરી ઈત્યાદિ ખરાબ આચરણ એ કર્મનું પાપ છે અને ખોટી વાણી વાપરો તો એ વાણીનું પાપ છે.

नारोप्यो नापशब्दाश्च भाषणीयाः कादत्वन

વાણીનું બીજું પાપ અપશબ્દ, વાણી જીભથી ઉચ્ચારાય છે. જીભ બહુ વિચિત્ર અવયવ છે.

બ્રહ્માજીએ શરીરના બીજા બધા ભાગો બનાવ્યા. જીભ છેલ્લે બનાવી અને મુખની અંદર ગોઠવી. જીભને એકદમ મુલાયમ બનાવી. બ્રહ્માજીને એમ કે જીભને હાડકું નથી તો તેનાથી કોઈ પાપ નહીં થાય. સાવ મુલાયમ અને નરમ જીભ બિચારી શું પાપ કરી શકે ? બત્રીસ અણીદાર ભાલારૂપી દાંતને ગોઠવી નાખ્યા. પણ જીભથી તો હાથ-પગ કરતાં વધુ પાપ થાય છે તે છે અપશબ્દ. વાણીમાંથી અમૃત પણ નીકળે અને ઝેર પણ નીકળે. કહેવાય છે કે તલવારનો ઘા હજુ રૂઝાય છે પણ વાણીનો ઘા કોઈ દિવસ રૂઝાતો નથી. માટે શ્રીજી મહારાજે પોતાના સત્સંગીઓને વાણીનો કોઈ દિવસ દુરુપયોગ કરવો નહીં તે ખાસ સમજાવે છે. જે માણસ અપશબ્દ બોલ છે તેનું પુણ્ય ધોવાતું જાય છે. વાણીને જે અંકુશમાં રાખે તે સાચો તપસ્વી. જ્યારે વાણીનો કોઈ એવો વેગ આવે, એમ થાય કે આને ચાર-પાંચ ગાળો દઈ દઉં, ત્યારે મૌન લઈ લેજો. એકદમ બ્રેક જ સારી. મૌન એ વાણીની બ્રેક છે. માનવ પોતાના ક્રોધ પર કાબૂ મેળવી શકે છે. તે માટે મહાભારતમાં શ્લોક છે,

पुरुषोडनृतवादी च पिशुनः परुषस्तथा ।
अनिबद्ध प्रभाषी च मृगपक्षिषु जत्यते ।।

જે માણસ ખોટું બોલતો હોય, જે માણસ ચાડી-ચુગલી કરતો હોય, બે મિનિટ પેટમાં વાત ન ટકે. એવી ચાડી ચુગલી કરનારા, કઠોર ભાષા બોલનારા મૃત્યુ પછી મૃગ તથા પક્ષીમાં જન્મે છે. મનુષ્ય અવતારમાં જે કઠોર ભાવિ હોય તેને મૃત્યુ પછી આ અવતાર મળે છે. આપણે શ્રીજી મહારાજ પાસે પ્રાર્થના કરીએ, અમો સદા વાણીનો સદુપયોગ કરી અને દુરુપયોગ થતા અમને રોકજો એવી શક્તિ અને ભક્તિ આપજો. અસ્તુ.

મહર્ષી વેદવ્યાસ પ્રણીત

## મહાભારત અંતર્ગત

# विदुरनीति

જે કર્મ સર્વપ્રાણીઓને હિતકારી હોય અને પોતાને સુખકારક હોય, તે કર્મ ઈશ્વર અર્પણ બુદ્ધિથી કરવું, કારણ કે સર્વફળની સિદ્ધિને માટે એ પ્રકારનાં કર્મ જ મૂળ સાધનરૂપ છે. ૪૦

ધનાદિની વૃદ્ધિ, પ્રભાવ, તેજ, ધર્મ તથા જ્ઞાનના ઐશ્વર્યરૂપ સત્ત્વ, ઉદ્યોગ અને નિશ્ચય, આટલું જેને હોય તેને જીવિકાના અભાવનો ભય ક્યાંથી હોય ? ૪૧

હે રાજા ! પાંડવોની સાથે વિરોધ કરવામાં કેટલા દોષો છે, તે તમે જુઓ, એ વિરોધ છતાં ઈન્દ્ર સહિત સર્વે દેવો વ્યથા પામશે, પુત્રો સાથે વેર થશે, નિત્ય ચિંતાતુર રહેવું પડશે, યશ નાશ પામશે અને શત્રુઓ હર્ષ પામશે. હે ઈન્દ્ર તુલ્ય રાજા ! ભીષ્મનો, તમારો, દ્રોણનો અને યુધિષ્ઠિરરાજનો કોપ વૃદ્ધિ પામશે, તો તે આકાશમાં આડા ઉગતા ધૂમકેતુની પેઠે આ લોકોનો નાશ કરશે. ૪૨-૪૩

### શાન્તિનું ફળ

પણ તમે આ વિરોધ શાંત કરો તો તમારા સો પુત્રો, કર્ણ અને પાંચ પાંડવો આ સમુદ્ર પર્યંતની આખી પૃથ્વીનું રાજ્ય કરશે. હે રાજન્ ! મારા મત પ્રમાણે ધૃતરાષ્ટ્રપુત્રો વનરૂપ છે અને પાંડવો તેમાના વાઘ છે. માટે તમે વાઘ સાથે વનનો નાશ કરશો નહિ અને વનમાંથી વાઘનો નાશ થાઓ નહિ. ૪૪-૪૫

વાઘ વિના વન રહેતું નથી અને વન વિના વાઘો રહેતા નથી, કારણ કે વાઘોથી વનનું રક્ષણ થાય છે અને વન વાઘોનું રક્ષણ કરે છે. ૪૬

દુષ્ટબુદ્ધિવાળા લોકો બીજાના દોષો જોવાની જેવી ઈચ્છા રાખે છે, તેવી તેઓના ઉત્તમ ગુણો જાણવાની ઈચ્છા રાખતા નથી. ૪૭

### ધનનું મૂળ ધર્મ છે

જેને ઘણું ધન મેળવવાની ઈચ્છા હોય, તેણે પ્રથમથી જ ધર્માચરણ કરવું, કારણ કે જેમ અમૃત સ્વર્ગલોકમાંથી દૂર થતું નથી, તેમ ધન ધર્મથી દૂર થતું નથી. ૪૮

જેણે પાપથી દૂર થયેલા પોતાના મનને કલ્યાણમાં જોડ્યું છે તેણે પ્રકૃતિ (માયા) તથા વિકૃતિ (મહત્તત્ત્વાદિ) એટલું કે સારું નરસું સર્વ જાણ્યું છે. જે મનુષ્ય ધર્મ, અર્થ તથા કામનું યથા સમયે સેવન કરે છે, તેને આ લોકમાં તથા પરલોકમાં ધર્મ, અર્થ અને કામનો સંબંધ પ્રાપ્ત થાય છે. ૪૯-૫૦

હે રાજા ! જે મનુષ્ય ક્રોધ તથા હર્ષથી ઉપજેલા વેગને સારી પેઠે કબજે રાખે છે અને જે સંકટમાં મુંઝાતો નથી, તેને લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ૫૧

### પાંચ પ્રકારનાં બળ

પુરુષોનું બળ નિત્ય પાંચ પ્રકારનું છે. તે તમે મારી પાસેથી સાંભળો. જે બાહુબળ છે, તે તો હલકું બળ કહેવાય છે, તમારું કલ્યાણ થાઓ, અમાત્યનો લાભ એ બીજું બળ કહેવાય છે, વિદ્વાનો ધનલાભને ત્રીજું બળ કહે છે. ૫૨-૫૩

હે રાજન્ ! મનુષ્યનું બાપદાદાથી ચાલતું આવેલું જે સ્વાભાવિક કુળબળ છે, તેને ચોથું બળ કહેલું છે, હે ભારત ! એ સર્વબળનો જેમાં સમાવેશ થાય છે અને જે સર્વબળમાં શ્રેષ્ઠ છે તે બુદ્ધિબળ કહેવાય છે. ૫૪-૫૫

મહા અનિષ્ટ કરવા સમર્થ હોય, એવા મનુષ્યની સાથે વેર કરીને હું તેનાથી દૂર છું, એમ વિશ્વાસ કરવો નહિ. સ્ત્રી, રાજા, સર્પ, વેદાધ્યયન, સમર્થ શત્રુ, વૈભવ અને આયુષ્ય એટલાનો વિશ્વાસ કયો ડાહ્યો મનુષ્ય કરે ? ૫૬-૫૭

મહામુનીશતાનંદસ્વામીરચિત

**શ્રી શિક્ષાપત્રી**

# અર્થદીપિકા સારાંશ

અને હવે મિથ્યા અપવાદ તો નહિ, પરંતુ મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. તેથી કોઇ મનુષ્યથી કાંઇ ભૂલ થઇ ગઇ હોય, એ આપણે જાણતા હોઇએ કે, આ કર્મ અમુક વ્યક્તિએ કરેલું છે. છતાં જાહેરમાં પ્રકાશ કરવું નહિ. જેણે પાપકર્મ કર્યું છે, તેને એકાંતમાં બોલાવીને સમજાવવો કે આ કર્મ તને શોભતું નથી. આ પાપકર્મ જ છે. અને આ તારા માટે હિતકારી નથી. આમ સમજાવીને સારે રસ્તે વાળવો, જીવનું હિત કરવું એ સજ્જનોનું કર્તવ્ય છે. અને જો પાપ કરનારી વ્યક્તિને સમજાવ્યા વિના અને ચેતવણી આપ્યા વિના એ પાપને જન સમક્ષ જાહેરમાં પ્રકાશ કરી દે તો ''भूतवादिनः समः'' ॥ इति ॥ બન્નેને સમાન દોષ લાગે છે. પોતે એ દોષથી રહિત હોય છતાં એ દોષનો ભાગીદારી બને છે.

કેવળ એટલું જ નહિ, જેના ઉપર મિથ્યા અપવાદ આરોપણ કરેલો હોય, તેણે જન્મથી આરંભીને બીજાં પણ જે જે પાપો કર્યાં હોય, એ સર્વે પાપો મિથ્યા અપવાદ આરોપણ કરનારને વળગે છે. આ રીતે વિજ્ઞાનેશ્વર પંડિતે યાજ્ઞવલ્ક્ય ઋષિના શ્લોકની વ્યાખ્યા કરી છે.

અને વળી જેવી રીતે મિથ્યા અપવાદ એ વાણીનું પાપ છે, તેવી જ રીતે અપશબ્દો બોલવા એ પણ વાણીનું જ પાપ છે. વાણી એવી વસ્તુ છે કે અમૃત વાણીમાંથી ઝરે છે, અને ઝેર પણ વાણીમાંથી જ ઝરે છે. કહેવાય છે કે તલવારનો ઘા રુઝાઇ શકે છે, પણ વાણીનો ઘા કોઇ દિવસ રુઝાઇ શકતો નથી. અપશબ્દો એટલે જે વાણી બોલવાથી સામી વ્યક્તિને દુઃખ થઇ જતું હોય, સામી વ્યક્તિનું મર્મ સ્થળ ભેદાઇ જતું હોય, આવી નીચની વાણી જે બોલવી તેને અપશબ્દો કહેવાય છે. ગ્રામ્યવાર્તાને પણ અપશબ્દો કહેવાય છે. ગાળો દેવી તેને પણ અપશબ્દો કહેવાય છે. માટે સહજાનંદ સ્વામીનો એ અભિપ્રાય છે કે મારા આશ્રિતોએ વાણી વગર વિચારે બોલવી નહિ, પાણી અને વાણી આ બન્નેનો ગાળીને ઉપયોગ કરવો. પાણીને વસ્ત્રથી ગાળવું, અને વાણીને વિવેક તથા વિચારથી ગાળવી. ॥૨૦॥

देवतातीर्थिप्राणां साध्वीनां च सतामपि ।
वेदानां च न कर्तव्या निन्दा श्रव्या न च क्वचित् ॥૨૧॥

અને દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ તેમની નિંદા ક્યારેય કરવી નહિ, અને સાંભળવી પણ નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, અપશબ્દો બોલવા, ગાળો દેવી, મિથ્યાપવાદ આરોપણ કરવો, એ જેમ વાણીનું પાપ છે. તેમ કોઇની પણ નિન્દા કરવી એ પણ વાણીનું પાપ છે. શ્રીજીમહારાજે આ શ્લોકમાં પણ વાણીને કાબૂમાં રાખવાની ભલામણ કરેલી છે, દેવતા, તીર્થ, બ્રાહ્મણ, સાધુપુરુષો, પતિવ્રતા સ્ત્રી, અને વેદો, આ છ જણાની નિંદા તો મશ્કરીમાં પણ કરવી નહિ. અને વિનયથી રહિત એવા કોઇ પુરુષો જો નિંદા કરતા હોય, તો સાંભળવી પણ નહિ. ખરાબ બોલવામાં જેમ પાપ છે, તેમ ખરાબ સાંભળવામાં પણ પાપ છે. માટે વાણીથી કોઇના ગુણોને હલકા કરવા નહિ. વાણીને બરાબર વિવેકથી બોલવી.

**॥ જય શ્રી સ્વામિનારાયણ ॥**

# ગરીબીના ગુણ અને અમીરીની આફત

## કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપનાના ૧૦ મા વર્ષે

- નારાણ રવજી હાલાઈ - કોડકી

ક્યારેક નવરાશની પળોમાં વિચારીએ, આપણે ક્યાં છીએ ? કોના છીએ ? શું કરીએ છીએ ? ફેશને શું સર્જ્યું છે ભારતમાં ? ભારત દેશના કોલકત્તા જેવા મહાનગરોમાં ઉકરડાને ખૂંદતા ભિખારી બાળકો તમે જોયા છે ? એ ઉકરડામાં પડેલી માનવ વિષ્ઠામાં જે આખાને આખા નીકળી ગયેલા મગ, અડદ વગેરે દાણાઓ ઉખેડીને કાઢે છે. જે વાટકી જેટલા પણ દાણા મળ્યા તે ખરા, ઘરે જઈને માવડીને દે છે. ભિખારણ માવડી તેની રાબ-રસોઈ બનાવીને બાળકોને ખવડાવે છે. આપણે ક્યાં છીએ ?

શ્રીજી મહારાજ કોઈ દુઃખીયો, ભૂખ્યો જોઈ દ્રવી ઉઠતા, તત્કાળ પાર્ષદો પાસે અન્ન-પૈસા અપાવી દુઃખ દૂર કરતા. આવા દયાળુ ભગવાનના આપણે ભક્તો છીએ.

મહાત્મા ગાંધીજી બિહારના ગામડાઓના દર્શને નીકળ્યા. હા, તે વખતે તે સૂટ-પેન્ટ અને ટાઈ-બૂટથી સજ્જ હતા. ફરતા-ફરતા તે એક ઝૂંપડામાં પ્રવેશ કરવા ગયા કે અંદરથી એક આધેડવયની બહેને મોટેથી કહ્યું, "ઓ ભાઈ ! અંદર ન આવશો અમે ત્રણ બહેનો સાવ વસ્ત્રહીન દશામાં બેઠા છીએ. અમારા બધા વચ્ચે એક જ સાડલો છે જેનો પડદો બનાવ્યો છે" આ સાંભળી ગાંધીજીનો આત્મા ધ્રૂજી ઉઠ્યો. આટલી બધી કાળ-ઝાળ ગરીબી ભારતના ગામડાઓમાં છે તેવી સ્વપ્ને પણ કલ્પના ન હતી. વર્ષો સુધી ભારત ઉપર રાજ કરીને કેવી લૂંટ ચલાવી ! અરે મા-બહેનોના અંગે લૂગડાં પણ રહેવા ન દીધાં. ગાંધીજીએ તે વખતે ટાઈ, સૂટ વગેરે ફગાવી દીધા અને ત્યારથી પોતડીવાળા ગાંધીજી થયા.

પણ વિચારણીય બાબત એ છે કે ગરીબ લોકો પૈસાના ગરીબ છે. આર્થિક રીતે ગરીબ છે પણ ગુણોથી સમૃધ્ધ છે. જેની પાસે ધન નહીં તે ભિખારી, ઓછું ધન તે ગરીબ, ઘણું ધન તે શ્રીમંત.... ના, આ વાત સંતોને મુદ્દલ ન્યાય નથી. સંતોને અર્થનો માપદંડ જ મંજૂર નથી. પૈસા પાસે હોવા કે ન હોવા તે તો નસીબની વાત છે. લૂંટીને, જૂઠાણું ચલાવીને, બદમાશી કરીને, ચોરી કરીને પણ ઘણું ધન મેળવી શકાય, એટલે શું એવા ધનવાળાને શ્રીમંત કહી શકાય ? એ બધી વાતોએ ખરાબ હોય, ચોરી કરતો હોય તો ય તે શ્રીમંત ! અરે આવા ગુણહીન કરોડપતિ ભિખારીઓને શરમાવે છે !! જેની પાસે ઘણા પૈસા છે એને ઘણા પાપ કરવાનું પણ સહેલું પડે છે.

આહ, આંસુ, હીબકાં, ડૂસકાં, હાય, અશાંતિ, ઉદ્વેગ, અજંપો વગેરે બધું જ ધનવાનોની હવેલીઓમાં જેટલા પ્રમાણમાં હશે તેટલા પ્રમાણમાં જ્યાં ગરીબી, બેકારી, મોંઘવારી, બિમારી, ગુલામીના પ્રશ્નો છે ત્યાં નહીં હોય .... ! ગરીબોના પ્રશ્નોનો બોજ હજુ ખમી શકાય તેટલો હશે પણ ધનવાનોના પ્રશ્નોનો બોજ ખમી ન શકાય તેટલો ભારેખમ બન્યો છે.

ઓછું ધન + ઓછી જરૂરીયાત = ઓછાં પાપ. આ લોકની ઘણી બધી સગવડતાઓ પરલોકનો રસ સૂકવી મારે છે. જેથી મોક્ષનો કે સદ્‌ગતિમાં રસ રહેતો નથી. ધર્મ એક જ એવું તત્ત્વ છે જે માણસને ઈન્સાન (મહાન) બનાવે છે. એ ધર્મની હકાલપટ્ટી થયા બાદ માણસ હેવાન કે શેતાન બને સ્વાભાવિક છે.

શું હજુ પણ આપણી સંસ્કૃતિ જીવે છે ? હા, પરંતુ ગરીબોમાં, અભણોમાં, સામાન્યતઃ, બોઘા ગણાતા છતાં પૂર્વના સંસ્કારી લોકોમાં એ બરોબર ધમકે છે.

નાનકડા સ્ટેશને લોકલ ટ્રેન આવીને ઊભી રહી. 'પાણી પીવો પાણી' એક બાઈ બૂમો પાડતી હતી. તેમાં એક ડબ્બામાંથી એક શિક્ષિત ભાઈએ બૂમ પાડી

કહ્યું, પાણી લાવો. બાઈએ પાણી પાયું. તરત ગાડી ઉપડવાની વ્હીસલ વાગી. ભાઈએ પાંચનો સિક્કો આપીને કહ્યું, જલ્દી કર, ત્રણ પાછા આપ, તને બધા રૂપિયો આપે છે હું તને બે રૂપિયા આપું છું. બાઈએ ઝટ ત્રણ રૂપિયા પાછા આપ્યા. ગાડી ઉપડી ગઈ.

પણ અફસોસ ! એ બાઈએ પેલા પાંચ સિક્કા સામે નજર કરી ! એ સાવ ખોટો હતો ! એણે મોટો નિસાસો નાખ્યો !

હાય શિક્ષણ ! તેં શિક્ષિતોને પાયાનું ભણતર પણ ન દીધું ...!!!

શ્રી સ્વામિનારાયણ ભગવાન સમકાલીન એક ગરીબ હરિભક્તમાં પણ કેટલી પ્રમાણિકતા હતી ? દુષ્કાળ પાર પાડવા બીજે ગામ જતા, ધૂળીયા રસ્તા ઉપરથી કોળી જ્ઞાતિના ઘેલા ભગત અને તેના પત્ની પસાર થતા હતા. સો કદમ, આગળ ચાલતા પતિને ચકમકતો સોનાનો તોડો દેખાયો. તેના મનમાં થયું કે મારી પત્ની આ જોશે અને મન લલચાઈ જશે તો ભગવાન સ્વામિનારાયણના ગુનેગાર થઈશું, માટે લાવ તેની ઉપર ધૂળ નાખી દઉં. વાંકા વળીને તેણે તેમ કર્યું. પાછળ આવતા પત્નીએ કુતૂહલવશ પૂછ્યું, તમે વાંકા વળીને શું કરતા હતા ?કહે, સોનાનો તોડો જોઈને તને મોહ ન થઈ જાય માટે ધૂળ વારતો હતો. આ સાંભળી તે હસી પડી અને પતિને કહે, હજી તમને સોનું દેખાય છે ? મને તો એ ધૂળ દેખાય છે. ધૂળ ઉપર ધૂળ નાખવાનો શો અર્થ ? કેટલી સમજણ ! કેવી મહારાજની આજ્ઞા પાળવામાં પ્રેમ !! ગરીબો, ગ્રામીણો અને નિરક્ષર લોકો ખરેખર કેવા શ્રીમંતો હતા ! કેવા મહાન હતા ! કેવા સાક્ષર હતા !

સાચા હિન્દુસ્તાનનું દર્શન કરવું હોય તોચાલો સાદા લોકો પાસે ! માણો ત્યાં તમારો હુંફાળો અતિથિ સત્કાર, દેખો ત્યાંની નારીઓમાં રહેલી લાજ, મર્યાદાનું અનોખું સૌંદર્ય, જુઓ તેમના ઘરોની સાદગી, નીરખો ત્યાંના બાળકોમાં કુદરતી સૌંદર્ય, હજુ હિન્દુસ્તાનમાં ધમકે છે ગામડાઓમાં કરોડો ગરીબોમાં અને કરોડો નિરક્ષરોમાં....

યુવાનો ! આપણે આ જ ભારતીય સંસ્કૃતિના રજકણમાંથી બન્યા છીએ અને મહારાજ ઓળખાયા છે તો જે પાશ્ચાત્ય સંસ્કૃતિની વિકૃતિ છે તે આપણા ઉપર હાવી ન થાય એ માટે સદાય જાગતા રહો ! પહેરવેશ, ભોજન, સત્કાર, માતા-પિતાની સેવા, સંતોનો સમાગમ, સારા શાસ્ત્રોનું વાંચન અને આપણી મહાન સંસ્કૃતિ પ્રત્યે વધારે લગાવ કેમ થાય ? આ બધા માટે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દેશમાં તેમજ શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ વિદેશમાં ચાલે છે અને યુવતીઓ પણ યુવતીમંડળની સભામાં હાજરી આપે અને આવતું ભવિષ્ય બાળકો અને બાલિકાઓને સત્સંગના સંસ્કારો સાથે આગળ વધારે.

(આ વિભાગમાં આપ પણ વિચારક લેખ લખીને મોકલી શકો છો)

---

# સાંગા ભગતે દૂધપાક ચાખ્યો

- વનિતાબેન ડી. ભંડેરી
(સુખપર)

એક ભરવાડનો દીકરો નાનપણથી મંદિરમાં રહેતો. જુનાગઢ મંદિરની ગાયો અને ભેંસો ચરાવવા લઈ જાય. નામ હતું સાંગો. સાંગાને ખાવા-પીવાની કોઈ ફીકર નહીં. સંતો જે આપે તે જમીને સંતોષ માને. સંતોએ શ્રીજી મહારાજનું નામ-સ્મરણ ને કીર્તન શીખવાડેલાં તેથી હરતા-ફરતા, ખાતા-પીતા દરેક ક્રિયામાં ભગવાનનો સંભાળ્યા કરે, સંતો દરરોજ બાજરાનો રોટલોને છાસ આપે તે જમીને ગાયો ચરાવવા જાય, સાંજે સાંગો આવે ત્યારે ખીચડી ને અથાણું આપે તે જમીને એક તાંસડી છાસ પી લે. સાંગાને છાસ બહુ ભાવે. નિત્ય-નિયમ સંતો ગાય તેની સાથે સાંગો પણ ગાય. પછી પ્રભુનું સ્મરણ કરતાં સૂઈ જાય.

સાંગો દિલનો સાવ ભોળો એટલે દુનિયાની રીત-ભાતની કાંઈ ખબર પડે નહીં. ઠાકોરજી માટે સંતોએ સુંદર મજાનો દૂધપાક બનાવ્યો. તેથી પ્રસાદી સાંગા માટે રાખી. સાંગો જમવા બેઠો. તરત થાળીમાં દૂધપાક પીરસ્યો. સાંગો બોલ્યો. આવું ચીકણું પીળું-પીળું મને નહીં ભાવે, ખીચડી આપો. એટલે જલદી પેટ ભરાઈ જાય.

સંતોએ કહ્યું, જરાક ચાખ તો ખરો, ખાઈશ ત્યારે ખબર પડશે. પ્રભુનો પ્રસાદ છે. બહુ સરસ છે. નહીં ભાવે તો ખીચડી દેશું, ચાખ... ચાખ... અમૃત જેવો દૂધપાક છે. તને બહુ ભાવશે. સાંગાએ ચાખ્યો. મીઠો, સુગંધીદાર બહુ ગમ્યો હો... આખી તાંસડી જમી ગયો. બીજો આપો બહુ મજા આવી. હવે દરરોજ આવું જમવા આપશો તો ગાયો ચરાવવા જઈશ નહીંતર નહીં જાઉં.... સંતો હસતા-હસતા બોલ્યા, સાંગા લે આ છાસનો વાટકો પીજા. સાંગો બોલ્યો, હવે છાસ પીએ એ બીજા. અમૃત મૂકીને છાસ નહીં ભાવે. હવે દરરોજ દૂધપાક દેજો હો....

વાલાએ રસના ચાખણહાર,
કે છાસ તે નવ પીવે રે લોલ
વાલા મારે સુખ સંપત તમે શ્યામ,
મોહન મન ભાવતારે લોલ
આવો મારે મંદિર જીવન પ્રાણ,
હસીને બોલાવતા રહે લોલ.....

રાત્રે સભામાં ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ''સાંગો બહુ ભોળો છે, જ્યાં સુધી તેને દૂધપાકના સ્વાદની ખબર નહોતી ત્યાં સુધી ખાટી છાસ ઉપર પ્રીતિ હતી, તેમ આ જગતના જીવને જ્યાં સુધી સાચું ન સમજાય, ભગવાનના ભજનનો, સત્સંગનો રસ ચાખ્યો નથી ત્યાં સુધી તેને મોહ-માયા, પુત્ર પરિવારમાં મમત્વરૂપી ખાટી છાસ જ સારી લાગે છે. પણ જ્યારે સત્સંગનો સાચો રસ સાંગાની જેમ ચાખશે ત્યારે ખબર પડશે કે સત્સંગની આનંદ કેવો છે ને રસ કેવો મધુર છે !''

## મનુષ્ય જન્મ શા માટે ?

- વસંત વી. જાદવ
(કેશોદ)

આ જીવાત્મા અનાદિકાળથી લખચોરાશી અને જન્મ-મરણના ફેરામાં અવાર-નવાર ફરતો રહે છે અને દુઃખ ભોગવે છે. પૂર્વના સંસ્કાર અને પુણ્ય ઉદય થાય અને જીવાત્માને પરમાત્માનું સત્ય જ્ઞાન થાય ત્યારે મનુષ્ય અવતાર મળે છે. ચોરાશી લાખ જાતના જીવમાં ધર્મની દૃષ્ટિએ મનુષ્ય જન્મ સર્વથી શ્રેષ્ઠ છે. મનુષ્યમાં જાણપણું હોય છે તેથી તે આત્મા અને પરમાત્માના સંબંધને જાણે છે. સંસાર સમુદ્રરૂપી ખારા જળમાં જીવાત્મારૂપી મીનને ખારા જળનો જ સ્વાદ હોય છે. પરંતુ જીવાત્માને સત્પુરુષ જ્યારે જ્ઞાનઉપદેશરૂપી પેંડાનો પ્રસાદ આપે ત્યારે કાંઈક જુદો જ સ્વાદ હોય છે. ખારા સમુદ્રરૂપી સંસારમાંથી જીવાત્માને બહાર કાઢવા માટે શ્રીજી મહારાજે અને નંદ સંતોએ બહુ દાખડો કર્યો છે. તેમના દાખડા સામું સતત જોતા રહેવું. જ્યાં સુધી આ જીવાત્માને ભગવાન કે સત્પુરુષોનો યોગ થયો નથી, ત્યાં સુધી જીવાત્મા લખચોરાસીના ભટકણમાં ફર્યા કરે છે. જેને મનુષ્ય જન્મ મળ્યો છે એને ભગવાનની મોટી કૃપા થઈ છે. અનેક જન્મના પુણ્ય હોય ત્યારે મનુષ્ય જન્મ મળે છે. મનુષ્ય જન્મ મોક્ષ માટે જ છે. માટે તેને ખોટી રીતે ક્યાંય વેડફવો નહીં. મનુષ્ય જન્મથી જ ભગવાન સંબંધી સાધનો થાય છે. ચોરાસી લખ જાતના જીવ પ્રાણી છે, પણ મોક્ષનું સાધન કરી શકતા નથી. ફક્ત એક મનુષ્ય જ મોક્ષનું સાધન કરી શકે છે. જીવાત્મા આજ સુધી સંસાર સમુદ્રરૂપી ખારા જળનું પાન કરતો રહ્યો છે. હરિરસરૂપી અમૃત ફળનું ક્યારેય પાન કર્યું

નથી. શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે આ જીવાત્માએ સમુદ્રનું જેટલું જળ છે તેટલું માતાનું ધાવણ ધાવ્યો છે પણ સુખ થયું નથી, સંસારના પદાર્થની આસક્તિમાથી જીવાત્મા છૂટે ત્યારે જ મોક્ષના આધ્યાત્મિક માર્ગે જઈ શકે છે. આ સંસાર સમુદ્રથી તરવા માટે નાવરૂપી સત્પુરુષ અને નાવિકરૂપી ભગવાન શ્રીહરિનો દ્રઢ આશરો કરવો પડશે તો જ જન્મ-મરણના ફેરામાંથી ઉગરી શકીશું. શ્રીજી મહારાજ અને નંદ સંતોએ જીવાત્માના કલ્યાણ માટે આ પૃથ્વી ઉપર મનુષ્ય જન્મ ધારણ કરી, સંસારના કર્મ બંધનથી મનુષ્યની મુક્તિ માટે સતત વિચરણ કરી જીવ પ્રાણી માત્ર ઉપર દયા કરી પોતાની દિવ્ય મનુષ્યલીલા કરી જીવાત્માને મોક્ષનો માર્ગ બતાવ્યો. માટે મનુષ્યજન્મ એમ સમજી શ્રીજી મહારાજની એકાંતિક ભક્તિ કરવી એ જ આપણા જીવનનું મોટું ભાગ્ય છે.

## અક્ષરાનંદ સ્વામીની વાતો

-નટુભાઈ જોબનપોત્રા

બસ્સો સાધુ જાઓ.....

એક સમયે મહારાજે મુક્તાનંદ સ્વામીને અમદાવાદ જવાની આજ્ઞા કરી ત્યારે સ્વામી બોલ્યા, જે મહારાજ અમો પ્રથમ ત્યાં સાધુ દશ ગયા હતા ત્યારે ઝોળીનું પુરું થતું નહોતું થાતું ત્યારે મહારાજે કહે જે પચાસ સાધુ જાઓ, સ્વામી કહે કે દશનું પુરું થતું નહોતું. મહારાજ કહે સો સાધુ જાઓ, વળી મહારાજ બોલ્યા, બસ્સો સાધુ જાઓ અને દરીયાખાનામાં ઘુમટમાં ઉતરજો, પછી મહારાજની આજ્ઞા લઈને પચાસ સાધુ લઈને સ્વામી અમદાવાદ ગયા અને શહેરમાં ભિક્ષાવૃત્તિ કરી આવતા અને ત્યાં શ્રીજી મહારાજનું ભજન કરતા અને કેટલાક વિદ્યાભ્યાસ પણ કરતા.

તે વખતે શહેરમાં એક મોટો શેઠીયો લુવાણો દેહ મુકી ગયો હતો તેના અગ્નિ સંસ્કાર કરવા માટે ત્યાં સૌ આવ્યા હતા. તેમાં કેટલાક સાધુ પાસે બેસવા આવ્યા અને બ્રહ્મજ્ઞાનની વાતો કરવા લાગ્યા, ત્યારે સાધુએ કહ્યું જે બ્રહ્મ થવું બહુ કઠણ છે. ત્યારે સૌએ કહ્યું, જે અમે બ્રહ્મ છીએ, પછી તેમણે કોઈવાતે માન્યું નહીં. ત્યારે તે સમયમાં એક આંબલીમાંથી મોટો સર્પ નીચે પડ્યો. તે સર્પ જોઈને બધા બ્રહ્મજ્ઞાની ચાલી નીસર્યા અને સંત તો સૌ ધ્યાનમાં બેઠા હતા, પછી તે સર્પ સંતની સભામાં કેટલાંકના પગ ઉપર થઈને કેટલાકના ખભા ઉપર થઈને ચાલ્યો. પણ સંત તો એમને એમ સ્થિર બેસી રહ્યા. તે જોઈ સૌ લોકો આશ્ચર્ય પામ્યા અને સર્પ પણ અદશ્ય થઈ ગયો. પછી સૌ લોકો આવીને સંતના પગમાં પડ્યા. જે મહારાજ સાચા, બ્રહ્મ તો તમે જ છો ને અમો તો બ્રહ્મ કોદાળ છીએ માટે આજથી અમારી સૌની રસોઈઓ લ્યો અને અમારું કલ્યાણ કરો, પછી એમ એક માસ સુધી પાકી રસોઈ ચાલી. એ શ્રીજી મહારાજે સંતોની રક્ષા કરી.

કાચા ચણા શેકેલા ચણા

અમદાવાદમા મુક્તાનંદસ્વામી પાસે ત્યાંના શાસ્ત્રી બેસવા આવ્યા હતા. તેમણે સ્વામીને પૂછ્યું જે, સ્વામી તમો ગીતા અને ભાગવતની વાતો કરો છો ને અમે પણ ગીતા અને ભાગવતીની વાતો કરીએ છીએ તેમાં તમારી વાતે કરીને કેટલાંક જીવોનો મોક્ષ થાય છે અને અમારી વાત કરીને કોઈ જીવનો ઉદ્ધાર થતો નથી તેનું કારણ શું છે ? ત્યારે સ્વામીએ કહ્યું, તમને ખોટું ન લાગે તો કહું. ત્યારે શાસ્ત્રી સ્વામી બોલ્યા જે, ના મહારાજ, જેમ હોય તેમ કરો. પછી સ્વામી કહે, તમે જે વાત કરો છો તે તમારા હૃદયમાં માયાના વિકારો ભરેલ છે, અને તેમાંથી જે શબ્દ નીકળે છે, તે જેમ શેકેલ અનાજ હોય તેવા નીકળે છે કેમ કે શેકેલ અનાજ વાવીએ તો ઉગે નહીં તેમ તમારી વાત તેવી છે, માટે કોઈને લાગે નહીં. વળી તમારે સ્વાર્થ બુધ્ધિ છે અને અમે જે વાત કરીએ તે અમારા હૃદયમાં ભગવાનની મૂર્તિ ધારીએ અને પછી વાત કરીએ એટલે તેના હૃદયમાં પ્રવેશ કરે, જેમ ઉનાળાના તાપે કરીને તપેલું પાણી હોય અને તે ગંગાજીના ધરામાં જઈને પડે અને જેમ શાંતિ પામે તેમજ અમારા મુખમાંથી નીકળેલા જે શબ્દો તેણે કરીને તેના ત્રિવિધ તાપ નાશ પામે છે. પછી સૌ શાસ્ત્રી હાથ જોડીને, પગે લાગીને સ્વામીને તેની હા પાડી જે સ્વામી તમે યથાર્થ ઉત્તર કર્યો.

- વેકરીયા જ્યોત્સના મુરજી

# ભક્તવર્મણે નમઃ

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રીગણેશ મંડાયા ત્યારે દ્વેષિલા બાવાઓનાં શિષ્ય છૂટા પડવા મંડ્યા. કારણ સ્વામિનારાયણના સાચા સંતો મુમુક્ષુઓને સત્-અસત્‌નો વિવેક ઓળખાવી ઈન્દ્રિય અંતઃકરણ તથા અંતઃશત્રુઓ ઉપર કાબૂ કરાવ્યો. તેથી સાચા મુમુક્ષુઓ દ્વેષિલાના સંગનો ત્યાગ કરી સાચા સંતની ઓળખ કરી ભગવાન સ્વામિનારાયણની ઉપાસના કરતા થયા. પૂર્વે ઋષિમુનિઓ વનમાં ધ્યાન કરતા ત્યારે હિંસક પ્રાણીરૂપી અંતઃશત્રુઓની રક્ષા કરવા માટે કવચ એટલે કે તેનાથી રક્ષણ મેળવવા માટે બખ્તર (વર્મ) નો ઉપયોગ કરતા. પરંતુ પ્રગટ ભગવાન શ્રીહરિનો જ્યાં સુધી યોગ નહોતો થયો. ત્યાં સુધી તેની સાધના અપૂર્ણ રહી હતી અને આજ તો આપણને પરાત્પર બ્રહ્મ અક્ષરધામાધિપતિ અખિલ બ્રહ્માંડાધીશ એવા પુરુષોત્તમ નારાયણનો પ્રત્યક્ષ યોગ થયો છે તો આપણા અંતઃશત્રુ નિશ્ચય નાશ પામશે જ.

વ્હાલા ભક્તો ! નિજાનંદ નામના એક સંન્યાસી હતા. તે હિમાલયમાં સાધના કરતા હતા. તેને અષ્ટાંગયોગ સિધ્ધ કરવો છે તેવો નિયમ લીધો હતો. તેમણે આઠ અંગમાંથી સાત અંગ સિધ્ધ કર્યા હતા પણ આઠમો અંગ કેમે કરીને સિધ્ધ થતો નહતો. કારણકે તેમની અંદર ક્રોધ હતો એ ક્રોધ નામનો શત્રુ નડતો હતો. તેમણે સાત અંગ સિધ્ધ કર્યા હતા. એટલે તેઓ કાંઈ જેવા તેવા ન હતા. એટલે ભગવાનની કૃપાદૃષ્ટિ થઈ અને તે વખતે નિલકંઠવર્ણી વનવિચરણ કરતા હતા એટલે તેને ભલા નિજાનંદ ઉપર દયા આવી અને તે નિજાનંદ જ્યાં ગુફામાં સાધના કરવા બેઠા હતા ત્યાં પ્રભુ ગયા. તે નિજાનંદને અડ્યા અને જગાડ્યા, પણ તે પોતે ન જાગ્યા અને ક્રોધ જાગ્યો અને મંડ્યા બેફામ બબડવા. મહારાજ તો શાંત સ્વભાવનાં ! તે પણ ઉગ્ર બની ગયા અને નિજાનંદને શ્રાપ આપ્યો કે જા ત્રણ-ત્રણ જન્મ ધારણ થાવ અને છેલ્લે ભૂત થાવ. એક તો ક્રોધ અને ઉપરથી પ્રભુએ શ્રાપ આપ્યો એટલે ક્રોધ બેવડાઈ ગયો. હકીકત એ કે છેલ્લે તે ભૂત બન્યા.

નિજાનંદનો દેહ પડી ગયો. ત્યારબાદ કૃપાશંકરનો બીજો જનમ એ વખતે શિવજીના ઉપાસક બન્યા અને ત્રીજો મુસ્લિમના ઘેર સલીમ નામ એ પણ દેહ પડી ગયો અને ભૂત બન્યાં. પછી એ સલીમ જે ભૂત એક છોકરાને વળગ્યો અને તેને પૂછવામાં આવ્યું કે તારી આ દશા કેવી રીતે થઈ ? ત્યારે તે બોલ્યો, હું રાત્રે સાડાબાર વાગ્યે દ્વારિકા ગયો અને ભગવાનને પૂછ્યું, હું કોણ છું ? ત્યારે ભગવાને કહ્યું મને ખબર નથી. તો કોને ખબર ? ત્યારે મહારાજે એ નાના છોકરાને કહ્યું કે તું લોજમાં જા અને તે લોજમાં મહારાજ સાથે ત્રણ કલાક સંવાદ કર્યો અને છેલ્લે મહારાજે કહ્યું હિમાલયમાં દર્શન આપ્યા એવા જ દર્શન મળશે. લોજમાં નિલકંઠવર્ણીમાં યોગ થયો અને બે કલાક સંવાદ કર્યો અને ઈન્સાફ માંગ્યો અને તમારી ઓળખાણ આપી તે ક્રોધનાં આવેગનાં કારણે મને કોઈપણ ભોગે છૂટકારો આપો ત્યારે મહારાજે કહ્યું કે તને સારંગપુર લાવવામાં આવશે અને તારો દેહ મુક્ત થશે. વ્હાલા ભક્તો ! આપણે પણ નિર્ણય લેવો કે કોઈદિવસ ક્રોધ ન કરવો. તેનાથી બીજા જનમ લેવા પડશે. જય સ્વામિનારાયણ.

## અક્ષરવાસ

ગામ સુખપર-મદનપુર નિવાસી નારણભાઈ માવજી ભુવા, તા. ૭-૧-૨૦૧૨, શનિવારે સવારે શ્રીજી મહારાજનું સ્મરણ કરતા કરતા અક્ષરવાસ પામ્યા છે. તેમણે ભુજ શ્રી નરનારાયણદેવ મંદિરની રાવલવાડી ઘનશ્યામવાડીમાં ૩૫ વર્ષ સુધી ગાયોની સેવા આપી હતી. શ્રીજી મહારાજ તેમને પોતાના ચરણની સેવાનું સુખ આપે એવી પ્રાર્થના.

# સંસ્થા સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ : વિવિધ ઉત્સવો

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન સાથે કોઠારી મંડળે કરેલી વ્યવસ્થા અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

### :: ત્રિદિનાત્મક કથાપારાયણ ::

માગશર વદ અમાસ, તા. ૨૪-૧૨-૨૦૧૧ થી પોષ શુક્લ પક્ષની દ્વિતીયા તા. ૨૬-૧૨-૧૧ સુધી ત્રણ દિવસનું કથા પારાયણ યોજવામાં આવ્યું. પારાયણનું યજમાનપદ ગામ મીરજાપરના પ.ભ. ધનજીભાઈ ભચુ ગામી રહ્યા હતા. હ. સાં.યો. મહંત શામબાઈ - ભુજ

કથાના દિવસોમાં શા. સ્વામી હરિમુકુંદ દાસજીએ વ્યાસગાદી પર બિરાજી સ.ગુ. સ્વામી આધારાનંદજીએ રચેલ 'શ્રીહરિચરિત્રામૃત સાગર' શાસ્ત્રની કથાનું અમૃતપાન કરાવી સૌને રસાનંદમાં લીન કર્યા. સ્વામીજીએ શ્રીજી મહારાજે સત્સંગમાં ધર્મબોધ માટે કરેલા વિચરણ દરમ્યાન જેતલપુરના યજ્ઞ જેવા લાગણીસ્પર્શી બનાવોનું સવિસ્તર ચોટદાર વર્ણન કરી શ્રોતાઓને આનંદમગ્ન કરી દીધા. કથા સમાપ્તિ પ્રસંગે કો. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ યજમાન હરિભક્તોનો પરિચય આપ્યા પછી શા. મેહુલભાઈએ યજમાનો દ્વારા પૂજનવિધિ કરાવી. સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજીએ યજમાન પરિવારનું ફૂલહાર પહેરાવી પહેરામણી ભેટ આપી સન્માન કર્યું. આરતી, ધુન, પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો.

### :: પંચાહ્ન પારાયણ ::

તા. ૨૬-૧૨-૨૦૧૧, સોમવાર થી તા. ૩૦-૧૨-૨૦૧૧, શુક્રવાર સુધીની પાંચ દિવસનીકથાનું આયોજન કરવામાં આવ્યું.

યજમાનપદે ગામ સામત્રાના અ.નિ. પિતાશ્રી વાઘજીભાઈ દેવરાજ વરસાણી તથા માતુશ્રી ગોરબાઈ વાઘજીના મોક્ષાર્થે હ. જેઠાલાલભાઈ વાઘજી રહ્યા હતા. કથાના વકતા શા. સ્વામી ધર્મવિહારીદાસજીએ સ.ગુ. સ્વામી વાસુદેવાનંદજી રચિત 'સત્સંગીભૂષણ' શાસ્ત્રની કથાનું શ્રવણ કરાવી શ્રોતા-ભક્તોને રસાનંદનો આનંદ આપી ભક્તિભાવના સ્પંદનો જગાડી દીધાં. શ્રીજી મહારાજનો ભકતજનો ઉપર પ્રેમ તેમજ ભગવાનના નિશ્ચયને પામેલા દઢતા ધરાવતા અડગ પ્રેમી ભક્તોના પ્રસંગોનું સરળ ભાવવાહી શૈલીમાં વર્ણન કરી સૌને રાજી કર્યા. સાખી, કીર્તન, દષ્ટાંતો સાથે કથાપ્રવાહને રોચક બનાવ્યો.

કથા સમાપ્તિ પ્રસંગે કો. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ કથા પ્રસંગોની વિગત તથા યજમાન પરિવારનો પરિચય કરાવ્યા પછી પ.પૂ.સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ મનનીય ઉદ્‌બોધન સાથે યજમાન પરિવારને આશીર્વાદ આપ્યા તથા ફૂલહાર અને પહેરામણી ભેટ વડે સન્માન કર્યું.

મંદિરના શાસ્ત્રીજીએ યજમાનો દ્વારા પૂજનવિધિ તથા આરતીનું કાર્ય આટોપ્યા પછી ધુન અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો.

## :: પંચાહ્ન પારાયણ ::

ગામ સુખપર (મદનપુર) નિવાસી પ.હ.ભ. કેશરાભાઈ વેલજી ભુવા પરિવારના યજમાનપદે ભુજ મુકામે ભાઈઓના તથા બાઈઓના બન્ને મંદિરોમાં પંચાહ્ન કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૩૧-૧૨-૧૧, શનિવારથી તા. ૪-૧-૧૨, બુધવાર સુધી પાંચ દિવસ દરમ્યાન શા. સ્વામી ધર્મવિહારીદાસજીએ વ્યાસપીઠે બિરાજી સ.ગુ. સ્વામી શતાનંદમુનિ રચેલ 'શિક્ષાપત્રી ભાષ્ય' શાસ્ત્રની કથાનું હરિભક્તોને રસામૃતપાન કરાવી રાજી કર્યા.

કથા સમાપ્તિ પ્રસંગે પુ. કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ કથા પ્રસંગ તથા યજમાન પરિવાર સંબંધી માહિતી આપ્યા પછી પ.પૂ. મહંતસ્વામીને હસ્તે યજમાન પરિવારના ભાઈઓનું ફૂલહારથી સન્માન કરી પહેરામણી ભેટ આપવામાં આવી. યજમાન પરિવારનાં બહેનોને બાઈઓના મંદિરમાં ભુજના પૂ. સાં.યો. મહંત સામબાઈ ફોઈના હસ્તે પહેરામણી ભેટ આપી સન્માન કરવામાં આવ્યું. શાસ્ત્રી મહેશભાઈએ યજમાન પરિવાર પાસે સમાપ્તિનું પૂજન, કથાના વક્તાશ્રીનું પૂજન અને આરતી કરાવ્યા પછી ધુન અને પ્રસાદ વિતરણ સાથે પારાયણની સમાપ્તિ થઈ.

## :: પંચાહ્ન પારાયણ ::

તા. ૫-૧-૨૦૧૨, ગુરુવાર થી તા. ૯-૧-૨૦૧૨, સોમવાર સુધી સ.ગુ. સ્વામી શતાનંદમુનિએ રચેલા 'સત્સંગી જીવનની કથા' શાસ્ત્રની પારાયણનું આયોજન કરવામાં આવ્યું.

કથાના યજમાનપદનો લાભ ગામ માનકુવાના સાં.યો. રામબાઈ લાલજી ભીમજી હીરાણી, હ. કરસનભાઈ નાનજી દબાસીયાએ લીધો હતો.

કથાના વક્તા પુ. સ્વામી શ્રીજીપ્રકાશ દાસજીએ વ્યાસગાદીએ બિરાજમાન થઈ સ્પષ્ટ વક્તવ્ય સાથે કથાપ્રસંગોનું સરળ ભાષામાં સચોટ વર્ણન કરી શ્રોતા ભક્તોને કથાનો અમૃતરસ પાઈ મનોરંજિત કર્યા

પારાયણની સમાપ્તિ પ્રસંગે કો. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ કથાનું ભક્તિના અંગ તરીકે મહત્ત્વ સમજાવી જીવનું કલ્યાણ સાધવામાં કથાના સાધનની ઉપયોગીતા જણાવી. ત્યારપછી સ.ગુ. સ્વામી વિશ્વજીવનદાસજીને હસ્તે યજમાન પરિવારને ફૂલહારથી સન્માનિત કરી પહેરામણી ભેટ આપવામા આવી.

શાસ્ત્રી મહારાજ દ્વારા યજમાનો પાસે કથા સમાપ્તિની પૂજનવિધિ, કથાના વક્તા સ્વામીનું પૂજન, આરતી, ધુન અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

## :: શાકોત્સવ ::

તા. ૮-૦૧-૨૦૧૨, રવિવારની સવારે શ્રી નરનારાયણદેવ મંદિરને જમણે પડખે નવનિર્મિત ભવનને ભોંયતળીએ વિશાળ ભૂમિખંડ ઉપર વિદ્યાર્થી ગાયક સંગીતકાર સ્વામી નિર્ભયચરણદાસજીએ ''નટવર હરિ પ્યારે સાંવરિયાજી'' કીર્તન શાસ્ત્રીય રાગમાં તથા ધુનની રજુઆત તબલાંવાદક વિદ્યાર્થી સ્વામી કપિલમુનિદાસજીના તાલબધ્ધ સંગત સાથે કરી વાતાવરણને ભક્તિભીનું બનાવ્યું ત્યારે હરિભક્તોની દશ હજાર જેટલી મેદની આત્મીય શાન્તિ સાથે મુગ્ધ બની ગઈ હતી. પ્રસંગ હતો 'શાકોત્સવ !'

શ્રીજી મહારાજે લોયા ગામમાં ઉત્સવ વગરના દિવસે નવો ઉત્સવ પ્રસ્થાપિત કરી પોતાને આશ્રિત સખા ભક્ત સુરા ખાચર તથા ગામ ગામના હરિભક્તોને ખૂબ રાજી કર્યા હતા. ''શાકોત્સવ'' તરીકે ખ્યાત એવો આ ઉત્સવ વર્ષભરના તહેવારો વચ્ચે કાયમી ઉત્સવ બની ગયો. તા. ૮-૧-૧૨ ની વહેલી સવારની ધનુર્માસની ધુન, શણગાર આરતી પછી ભુજ મંદિરે 'શાકોત્સવ' ની ઉજવણી પ્રસંગની આજની સભાનું આયોજન થયું. સભામાં સ.ગુ. મહંત

પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત, વડીલ તથા નાના-મોટા સંતો, મંદિરના તથા ગામોના કાર્યકર્તાઓ, અલાયદા ભાગમાં સાંખ્યયોગી તથા કર્મયોગી બહેનો, ગામ-ગામના હરિભક્તોથી સભા ખીચોખીચ હતી.

કીર્તન, ધુન પછી સભાપતિ પુ. સ્વામી ઉત્તમચરણદાસજીએ શાકોત્સવના પ્રસંગની ચર્ચા કરી ઉત્સવની સંપૂર્ણ માહિતી સભાને રજુ કરી. ત્યારપછી કાર્યક્રમના અંગરૂપ કથાનું રસપાન કરાવવા શા. સ્વામી દેવવિહારીદાસજી વ્યાસગાદી પર બિરાજમાન થયા અને વક્તા સ્વામીજીનું ફૂલહાર પહેરાવી સન્માન કરાયું. કથાના વક્તા સ્વામીએ છટાદાર, સરળ, સુબોધ શૈલીમાં શ્રોતાવર્ગને શ્રવણ ભક્તિની આનંદમયી દિવ્ય સૃષ્ટિમાં વિહાર કરાવ્યો. સ્વામીશ્રીએ ભગવાન સ્વામિનારાયણની અવતારલીલાના પ્રસંગોને ક્રમસર સાંકળી લઈ ભગવાનના જીવનનું દર્શન કરાવ્યું - લોયામાં શાકોત્સવ ઉજવ્યો ત્યાં સુધીમાં સત્સંગ વિચરણ દરમ્યાન સત્સંગ સમાજમાં આપેલ પરચા, સત્સંગનો પાયો દઢ કરવા હરિભક્તોમાં ઉતારેલી ભક્તિની દઢતા અને કચ્છને આપેલો વિશેષ પ્રેમ - કચ્છના પ (પાંચ) હરિભક્તોનું વચનામૃતમાં સ્થાન, સાં.યો. લાધીબાઈને થયેલ શ્રીજી મહારાજનો ભગવાન તરીકે નિશ્ચય, સ.ગુ. સ્વામી મુક્તાનંદ તથા સ.ગુ. સ્વામી દેવાનંદનો ભુજમાં વિદ્યાભ્યાસ - વગેરે વિષયોનું સાંગોપાંગ વર્ણન કરી સર્વને રાજી કર્યા.

ઉત્સવના મુખ્ય યજમાનનું પદ ગામ મદનપુરના પ.હ.ભ. કેશરાભાઈ વેલજી ભુવા, સુત ગોવિંદભાઈ આદિ પરિવારે શોભાવ્યું હતું.

આજના શાકોત્સવ ઉત્સવની ખાસ વિશેષતા એ હતી કે પ.પૂ. મહંતસ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પ.પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ સભામંડપમાં ભક્તજનો સમક્ષ કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, પુ. સ્વામી દિવ્યસ્વરૂપ દાસજી, પુ. સ્વામી ધર્મચરણદાસજી, પુ. સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી આદિ સંતોએ રીંગણને ઘીના વગારમાં છમકાવી મસાલા સાથે રાંધીને પ્રત્યક્ષ નિદર્શન કર્યું હતું અને ભક્તોને આનંદલહરીનો વિશેષ અહેસાસ કરાવ્યો હતો.

સભાપતિ પુ. સ્વામી ઉત્તમચરણ દાસજીએ કથા પ્રસંગનો ટૂંકમાં ઉપસંહાર કર્યો તે ઉપરાંત શા. સ્વામી વિશ્વવલ્લભદાસજી તથા પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગતે પ્રેરણાદાયક પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં હતાં.

પ.પૂ. મહંતસ્વામીએ સ્વહસ્તે યજમાન પરિવારને પહેરામણી ભેટ અને ફૂલહારથી સન્માનિત કરી ઉદ્‌બોધન કરતાં આશીર્વાદ આપ્યા હતા.

ઉપસ્થિત સર્વે હરિભક્તો શાકોત્સવના પ્રસાદભોજનનો સ્વાદ માણી તૃપ્ત થયા તે સાથે ઉત્સવ સમાપ્ત થયો હતો.

### :: ચમક-ઝમક ::

❖ તા. ૧૭-૧૨-૧૧ થી શરુ થયેલ એક માસના ધનુર્માસ ઉત્સવમાં હજારો હરિભક્તોએસવારની ધુનમાં ભાગ લીધો. દરરોજ થાળના કીર્તનોની રમઝટ જામી. ભાવિક હરિભક્તોએ મોટી સંખ્યામાં ધુન નોંધાવી શ્રીહરિનો રાજીપો તથા પ.પૂ. મહંતસ્વામી અને વડીલ સંતોના આશીર્વાદ મેળવ્યા. દરરોજ ધુનમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોને પૌષ્ટિક પ્રસાદનું વિતરણ થયું.

❖ તા. ૧૪-૧-૧૨ ની રાત્રે સર્યદેવે મકરરાશીમાં પ્રવેશ કરતાં તા. ૧૫-૧-૧૨ ના રોજ ધુનની સમાપ્તિ થઈ. સમાપ્તિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી ધુનસભામાં પધારી દર્શન દેતાં આનંદ છવાયો અને આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મહંતસ્વામી સ.ગુ.પુ. ધર્મનંદનદાસજીના આશીર્વાદ હરિભક્તોને મળ્યા.

❖ પવિત્ર ધનુર્માસ દરમ્યાન પોષ સુદ ૧૧ પુત્રદા એકાદશીના દિવસે મંદિરમાં બિરાજમાન દેવોનાં નિજ મંદિરોનાં શિખરો ઉપર ધ્વજારોહણનો ઉત્સવ ઉજવાયો. સ્વામી શૌનકમુનિદાસજીએ ધજાઓની શાસ્ત્રસંમત

પૂજાવિધિ કરાવી, જેમાં વડીલ સંતો સાથે યજમાનશ્રી પ.હ.ભ. હર્ષદભાઈ મિરાણી વગેરે જોડાયા હતા. ત્યારપછી યજમાનોએ શિખરો ઉપર ધજાઓ ફરકાવી હતી. પુ. સ્વામી દિવ્યસ્વરૂપદાસજી ધજારોહણ કાર્યમાં સાથે રહ્યા હતા.

❖ પ.પૂ. મહંતસ્વામીની પ્રેરણાથી બહેનોના મંદિરમાં ભુજના સાં.યો. મહંત શામબાઈ ફઈના માર્ગદર્શન મુજબ ધનુર્માસમાં તા. ૧૭-૧૨-૨૦૧૧ થી તા. ૧૫-૧-૨૦૧૨ સુધી દરરોજ વહેલી સવારે ધુન રાખવામાં આવી. દરરોજ કર્મયોગી બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધુનનો લાભ લીધો. પ.પૂ. શામબાઈ ફોઈએ ઉદ્‌બોધન કરીધનુર્માસની ધુનનું મહત્ત્વ સમજાવી બહેનોને રાજી કર્યા.

❖ પ્રસાદીના મંદિરે શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠાને ૧૯૦ મા વર્ષ નિમિત્તે તા. ૯-૧-૧૨, સવારે ૬ થી ૭:૧૫ ધુન તથા મહાઆરતીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. યજમાનપદ માનકુવા નિવાસી કુંવરબેન ગોપાલ કાનજી દબાસીયાએ શોભાવ્યું હતું. ચોવીસીના ગામો ગામના હરિભક્તોએ ધુનનો લાભ લીધો. સભામાં પ.પૂ. મહંત સ્વામી તથા પ.પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગતે તથા પ્રસાદી મંદિરના મહંત સ્વામી દેવકૃષ્ણદાસજીએ આશીર્વાદ આપ્યા હતા અને આવા ઉત્સવો થતા રહે તેવી અભિલાષા વ્યક્ત કરી હતી. આયોજન કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-ભુજ એ સંભાળ્યું હતું.

❖ મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા)માં નિર્માણ પામેલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા માટે તા. ૧૮-૧-૧૨ ના મેલબોર્ન પધારતા મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીનું સવારની કથા સભામાં સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ ફૂલહાર પહેરાવી શુભેચ્છા સન્માન કર્યું. પૂ. મહંતસ્વામી સાથે જોડાયેલ સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી, પુ. સ્વામી પુરુષોત્તમપ્રિય દાસજી તથા સ્વામી ભક્તિજીવનદાસજીનું સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી આદિ વડીલ સંતો તથા ટ્રસ્ટી પ.હ.ભ. મુરજીભાઈ શીયાણીએ હારતોરા પહેરાવી સ્વાગત કર્યું હતું. પ.પૂ. મહંતસ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી આશીર્વાદ આપ્યા હતા.

## :: ત્રિદિનાત્મક કથા પારાયણ ::

તા. ૧૧-૧-૧૨, બુધવારથી તા. ૧૩-૧-૧૨ સુધી ત્રણ દિવસની કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું. કથાના યજમાનપદનો લાભ ગામ માધાપરના પ.હ.ભ. અ.નિ. માવજીભાઈ અરજણ પિંડોરીયા, હ. સુપુત્ર હીરજીભાઈ માવજી પિંડોરીયાએ લીધો અને શ્રીહરિ તથા સંતોને રાજી કર્યા હતા.

કથાના વક્તા પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ વ્યાસપીઠ પર બિરાજમાન થઈ સ્કંદપુરાણના વિષ્ણુખંડમાં રહેલા અને શ્રીજી મહારાજને ઈષ્ટ એવા 'વાસુદેવ માહાત્મ્ય' શાસ્ત્રની કથાનું રસપાન કરાવ્યું. શા. સ્વામીએ કથા વિષયને સરળ શૈલીમાં રજુ કરી સુબોધ બનાવી શ્રોતા ભક્તોને રાજી કર્યા.

કથા સમાપ્તિ પ્રસંગે પ.પૂ. મહંતસ્વામીએ યજમાનશ્રીનું ફૂલહાર પહેરાવી શાલ ઓઢાડી સન્માન કરી આશીર્વાદ આપ્યા. ત્યારપછી શા. મહેશભાઈએ યજમાનશ્રી દ્વારા સમાપ્તિ પૂજન, કથાના વક્તાશ્રીનું પૂજન, આરતી આદિક વિધિ કરાવી અને ધુન તથા પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

## :: પંચાહ્ન પારાયણ ::

ગામ સુખપર નરનારાયણનગર નિવાસી શ્રી રામજીભાઈ દેવશી વરસાણી, હ. કુંવરજીભાઈ હીરજી વરસાણી પોરીયાએ પિતૃઓના મોક્ષાર્થે તથા શ્રીજી પ્રસન્નતાર્થે પંચાહ્ન કથા પારાયણનું યજમાનપદ સ્વીકારી હરિભક્તોને કથાશ્રવણનો લાભ અપાવ્યો હતો.

તા. ૧૭-૧-૧૨ થી તા. ૨૧-૧-૧૨ સુધીની પાંચ દિવસની કથા દરમ્યાન પુ. સ્વામી શ્રીજીપ્રકાશદાસજીએ સ.ગુ. સ્વામી શતાનંદમુનિએ રચેલ 'સત્સંગીજીવન' નું શ્રોતાવર્ગમાં ભક્તિભાવમાં વૃધ્ધિ કરાવનાર રસભરી શૈલીમાં શ્રવણ કરાવ્યું.

કથાના પ્રથમ દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રીએ સભામાં પધારી દર્શન આપ્યા. જેથી સભાની રોનક ઔર વૃધ્ધિ પામી અને શ્રોતાવર્ગમાં

આનંદ છવાઈ ગયો. પ.પૂ. મહંતસ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ સંતો તથા યજમાન પરિવારે પ.પૂ. મોટા મહારાજશ્રીનું સન્માન કર્યું. મહારાજશ્રીએ સભાને ઉદ્‌બોધન કરી રૂડા આશીર્વાદ આપ્યા.

કોઠારી સ્વામી પુ. પુરુષોત્તમસ્વરૂપ દાસજીએ પ્રસંગની માહિતી આપી. પ.પૂ. મોટા મહારાજશ્રીનું સ્વાસ્થ્ય સારું રહે અને દર્શનનો લાભ કચ્છના હરિભક્તોને આપતા રહ્યા છે તેમ આપતા રહે તેવી ભાવના દર્શાવી.

કથા સમાપ્તિ પ્રસંગે સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ યજમાનોનું ફૂલહાર તથા પહેરામણી ભેટથી સન્માન કર્યું. મંદિરના ગોર મહારાજે યજમાન પરિવાર દ્વારા સમાપ્તિનું પૂજન, વ્યાસપૂજન તથા આરતી કરાવી તે પછી કીર્તન, ધુન તથા પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ પૂરો થયો હતો.

### :: સામાન્ય સભા ::

તા. ૧૬-૧-૧૨, મંગળવારે સવારના સાડા આઠ વાગતાંના સમયમાં સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજીના પ્રમુખપદે હરિભક્તોની સામાન્યસભા રાખવામાં આવી હતી. સભામાં કચ્છના ગામો ગામથી હરિભક્તોએ ઉત્સાહથી આપેલ હાજરી સાથે સંતો તથા મંદિરના કાર્યકર્તા ટ્રસ્ટીશ્રીઓ, સમાજના અગ્રણી હરિભક્તોએ ઉપસ્થિત રહી સભાને ભરચક બનાવી હતી.

શરૂમાં સ.ગુ. સ્વામી રામસ્વરૂપદાસજીએ શિક્ષાપત્રીના શ્રીજી મહારાજનાં અમૃતવચનોનું શ્રવણ કરાવ્યું. તે પછી કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપ દાસજીએ સભાના પ્રયોજનની વિગતો આપતાં આજની સભા વાર્ષિક હિસાબોને હરિભક્તો સમક્ષ રજુ કરવા બોલાવી હોવાનું જણાવ્યું હતું.

ત્યારપછી મંદિરના ટ્રસ્ટીશ્રી તથા મુખ્ય કારભારી શ્રી રાજેન્દ્રભાઈ દવેએ ગત સામાન્યસભાની મિનિટનું વાંચન કર્યું હતું. તે પછી તેમણે મંદિરના તથા મંદિર હેઠળ ચાલતી તમામ સંસ્થાઓના ગત વર્ષના વાર્ષિક હિસાબોની રજુઆત કરી આવક-જાવકના આંકડા સહિત હિસાબો સંભળાવી રજુઆત કરી હતી. રજુ થયેલ હિસાબોને સભાએ સર્વાનુમતે બહાલી આપી હતી.

ત્યારપછી કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ રજુ કરવામાં આવેલ હિસાબો, અંજારમાં બનનાર નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર, ખાતમુહૂર્ત અને તે અંગે યોજવામાં આવેલ કથા પારાયણની ચર્ચા કરી માહિતી આપી હતી.

મંદિરના ટ્રસ્ટી શ્રી મુરજીભાઈ કરસન શીયાણીએ મંદિરના વહીવટની સમજ આપી હતી અને કોઈપણ કાર્ય કેવી રીતે કઈ પધ્ધતિથી કરવામાં આવે છે તેનો વિગતથી ખ્યાલ આપ્યો હતો.

પ.પૂ. મહંતસ્વામીએ હિસાબોની પારદર્શકતા, અંજાર મંદિર નૂતન મંદિર નિર્માણ તથા યુવકમંડળની કાર્યવાહી વગેરે વિષયોની ચર્ચા કરી હરિભક્તોની હાજરીને બિરદાવી સૌને આશીર્વાદ આપ્યા હતા.

- અહેવાલ : ઓ. વ્યાસ

## શ્રી નિષ્કુળાનંદ કાવ્ય પંચાહ્ન પારાયણ

અ.નિ.પ.પૂ. સ.ગુ. નિર્ગુણસ્વરૂપદાસજીની પુણ્યસ્મૃતિમાં, તા. ૧૯-૦૨-૨૦૧૨, રવિવાર, મહા વદ ૧૩ થી તા. ૨૩-૦૨-૨૦૧૨, ગુરુવાર, ફાગણ સુદ ૨ સુધી ભુજ મંદિર મધ્યે શ્રી નિષ્કુળાનંદ કાવ્ય પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવેલ છે.

આ પાવન પ્રસંગે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તા. ૨૨-૦૨-૨૦૧૨ ના ઠાકોરજીની શોભાયાત્રામાં ખાસ ઉપસ્થિત રહી હરિભક્તોને દર્શનનો લાભ આપશે. તા. ૨૩-૦૨-૨૦૧૨ ના રોજ શ્રી હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ અભિષેક અને અન્નકૂટ સાથે ધામધૂમથી ઉજવાશે. આ અનેરા અવસરનો લાભ લઈ પુણ્યનું ભાથું બાંધવા પધારવા સૌ હરિભક્ત ભાઈ-બહેનોને આમંત્રણ છે.

# સત્સંગ સમાચાર

## માંડવી : ભક્તચિંતામણી પંચાહ્ન પારાયણ

માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજની અસીમ કૃપાથી તથા ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી તેમજ માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદ દાસજી તથા સ.ગુ. સ્વામી સનાતનદાસજીના આશીર્વાદથી માંડવી શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજના પટાંગણમાં તા. ૨૬-૧૨-૨૦૧૧ થી તા. ૩૦-૧૨-૨૦૧૧ સુધી નિષ્કુળાનંદ સ્વામી કૃત 'ભક્ત ચિંતામણી' પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના યજમાનપદે ગામ મસ્કાના પિતાશ્રી લાલજીભાઈ રામજી રાબડીયા, અ.નિ. માતુશ્રી રતનબેન, માતુશ્રી શામબાઈ લાલજી રાબડીયા, પુત્ર રામજીભાઈ લાલજી રાબડીયા, ધ.પ. વીરબાઈ, પૌત્ર દિનેશ રામજી રાબડીયા, ધ.પ. જ્યોતિબેન, સુરેશ રામજી રાબડીયા, ધ.પ. નિશાબેન આદિ સમસ્ત રાબડીયા પરિવાર રહ્યો હતો.

ભક્ત ચિંતામણી પંચાહ્ન પારાયણના વક્તાપદે પુ. સ્વામી બ્રહ્મમુનિદાસજી, શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી, પુ. સ્વામી પરબ્રહ્મજીવન દાસજી, પુ. સ્વામી પરમહંસદાસજી, પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી રહ્યા હતા. આ વિદ્વાન વક્તાશ્રીઓએ પોતાની આગવી અને સરળ શૈલીમાં સંગીતના સથવારે કથામૃતનું રસપાન કરાવ્યું હતું. સંગીતનો સમધુર સાથ સ્વામી ઘનશ્યામજીવન દાસજીએ આપ્યો હતો.

પ્રથમ દિવસે પોથીયાત્રા પોથીપૂજન કરી કથાની શુભ શરુઆત કરવામાં આવી. સ.ગુ. સ્વામી સનાતનદાસજીએ યજમાનશ્રીઓને રૂડા આશીર્વાદ આપ્યા હતા. દ્વિતીય દિનની કથાના દ્વિતીયસત્રમાં શ્રી ઘનશ્યામ જન્મોત્સવ તથા રાસોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. મસ્કા યુવક મંડળ તેમજ માંડવી યુવક મંડળના સભ્યોએ વેશભૂષા સહિત ઘનશ્યામ જન્મોત્સવની ઉજવણીમાં ભાગ લીધો હતો. ત્યારબાદ અબાલ-વૃધ્ધ, ભાઈ-બહેનો, સંતો બધાએ રાસોત્સવમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે અંજાર મંદિરના સંતો પધાર્યા હતા. તૃતીય દિવસની કથામાં ભુજથી નાના-મોટા વિદ્વાન, તપોનિષ્ઠ સંતો પધાર્યા હતા. સ.ગુ. સ્વામી નિષ્કામચરણ દાસજીએ યજમાનોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ચોથે દિવસે નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન થયું હતું. આ દિવસે ભુજ મંદિરથી મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી નિરજ્ઞમુક્તદાસજી, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી આદિ નાના-મોટા સંતો પધાર્યા હતા. ધનુર્માસ ચાલતો હોવાથી પ્રાતઃકાળમાં પ.પૂ. આચાર્ય મહારાજ તથા નાના-મોટા સંતો અને હરિભક્તોના સાંનિધ્યમાં સંગીતના સથવારે સ્વામી શ્રીજીનંદનદાસજીએ ધુનની રમઝટ બોલાવી હતી.

ત્યારબાદ ઠાકોરજી તથા મહારાજશ્રીની ભવ્ય નગરયાત્રા નીકળી હતી. જેમાં સંતો-ભક્તો જોડાયા હતા. પૂ. મહારાજશ્રી મંદિરમાં ઠાકોરજીનીઆરતી ઉતાર્યા બાદ કથામંડપમાં પધારી વક્તાશ્રીનું પૂજન કર્યું હતું. મહારાજશ્રીનું આગમન તથા પૂજન યજમાન પરિવાર તેમજ સંતો દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માંડવી મંદિરના

મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીએ આશીર્વચન પાઠવ્યા હતા. ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ પણ આશીર્વચન પાઠવ્યા હતા. અંતમાં આચાર્ય મહારાજે આશીર્વચન આપી યજમાન પરિવારની સેવાઓને બિરદાવી હતી. મહારાજશ્રીના શુભ કરકમળો વડે તથા વડીલ સંતોના હસ્તે યજમાન પરિવારને પહેરામણી અપાઈ હતી. આ જ દિવસે રાત્રે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-માંડવીના યુવાનો દ્વારા રંગારંગ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પાંચમા દિવસે કથામૃતના રસપાન બાદ સેવામાં જોડાયેલ હરિભક્તોને યજમાન દ્વારા પહેરામણી આપવામાં આવી હતી. આ રીતે ભગવાનની નિશ્રામાં આ પાંચેય દિવસ ભક્તિમય અને અવિસ્મરણીય પસાર થયા હતા.

આ ભવ્ય ઉત્સવને સફળ બનાવવા માટે સંતો અને હરિભક્તોએ પોતાની સેવા દ્વારા ઉત્સવને દીપાવ્યો હતો.

- અહેવાલ : કો. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી

## માધાપર : પંચાહ્ન પારાયણ

મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી ગામ માધાપર-નવાવાસના બાઈઓ તથા ભાઈઓના શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે તા. ૬-૧-૧૨ થી તા. ૧૦-૧-૧૨ સુધી પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ કથા પારાયણ યોજાએલ. ગામ માધાપરવાસી પ.ભ. અ.નિ. પ્રેમજીભાઈ હીરજી હીરાણી તથા અ.નિ. કેશરબાઈ પ્રેમજી હીરાણીના સહપરિવાર પોતાના પિતૃઓ તથા માતા-પિતાની પુણ્યસ્મૃતિમાં એમના મોક્ષાર્થે યજમાન રહ્યા હતા.

આ કથા પારાયણના વક્તાપદે શા. સ્વામી ધર્મવિહારીદાસજીએ શ્રીમદ્ નિષ્કુળાનંદ કાવ્યમ્ અંતર્ગત રહેલ ''સ્નેહગીતા'' નો સદ્ આપી શ્રીકૃષ્ણ તથા ગોપીઓના સ્નેહી સાથે આપણા ઈષ્ટદેવની સાથે સ્નેહ કરી શ્રીજી મહારાજને રાજી કરવા રૂપ દૃષ્ટાંતોની સાથે સુમધુર સંગીતના સૂર સાથે અમૃતપાન કરાવી સૌને ખૂબ જ રાજી કર્યા હતા.

કથાના પ્રથમ દિવસે યજમાનશ્રીના સુપુત્ર વાલજીભાઈના ઘરે રાત્રે ઠાકોરજીની બેન્ડપાર્ટી સાથે વાજતે-ગાજતે પધરામણી કરવામાં આવેલ.

બીજા દિવસે યજમાન પરિવારના સુપુત્ર વાલજીભાઈ, નારણભાઈ તથા શામજીભાઈના ઘરે સંતોની પધરામણી કરવામાં આવેલ અને રાત્રે બન્ને મંદિરમાં યજમાન પરિવાર તરફથી રાસોત્સવ આયોજન કીર્તનની રમઝટ સાથે સંતોના સાંનિધ્યમાં કરવામાં આવેલ.

ત્રીજા દિવસે રાત્રે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા રાત્રિશિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંતોએ પણ ભાગ લીધો હતો.

ચોથા દિવસે આમંત્રિત મહેમાનો તથા મહંત સ્વામી સ.ગુ.પુ. ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી, સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી તથા બીજા અનેક સંતો, અંજાર મંદિર, માંડવી મંદિર, દરેક ગુરુકુલથી પધાર્યા હતા અને ભક્તોને આશીર્વાદ પ્રવચન સાથે યજમાન પરિવારને આશીર્વાદ આપી પહેરામણી સાથે રાજી કર્યા હતા તેમજ ઠાકોરજીની ભવ્ય શોભાયાત્રા ખૂબ જ ધામધૂમથી વાજતે-ગાજતે મંડળી, બેન્ટપાર્ટી સાથે નીકળી હતી.

પાંચમા દિવસે છાબના સમૈયા સાથે છાબ આવેલ અને સંતોએ આશીર્વાદ વચન આપી સૌ ભક્તો, યજમાનશ્રી વગેરેને રાજી કરેલ અને સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી, પુ. સ્વામી હરિમુકુંદદાસજી આદિ મંડળના સંતોએ મહોત્સવને પોતાનું માર્ગદર્શન આપી સૌ ભક્તોને રાજી કર્યા હતા. આભારવિધિ તથા ઉત્થાપનવિધિ સાથે પુસ્તકનું, વક્તાશ્રીના પૂજન સાથે આરતી કરી ધુન્ય કીર્તન સાથે કથાની સમાપ્તિ કરવામાં આવેલ.

- અહેવાલ : અરજણભાઈ (મંત્રી)

## અંજાર : શાકોત્સવ

અંજાર મધ્યે બિરાજમાન સર્વાવતારી પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાંનિધ્યમાં મંડળના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, કો. સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સર્વે સંતો દ્વારા તા. ૦૧-૦૧-૨૦૧૨, રવિવારના શ્રી સ્વામિનારાયણ મંદિર, અંજારમાં શ્રીજી મહારાજની ભવ્ય શાકોત્સવ લીલાને સ્મૃતિ પટ પર લાવવા તથા બ્રહ્માનંદની અનુભૂતિ કરાવવા ભવ્ય શાકોત્સવ ઉજવેલ.

આ અવસરે ભુજ મંદિરના સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા સ.ગુ. પાર્ષદ કોઠારી જાદવજી ભગત આદિ તથા માંડવી, ભુજ તથા સમગ્ર કચ્છના વિદ્વાન સંતો દ્વારા પ્રેરણાસભર અમૃતવાણીનો તથા દર્શન અને પ્રસંગનો લાભ લેવા અંજાર શહેર તથા બેન્સા વિસ્તાર તથા નાની નાગલપર વાડી વિસ્તાર તથા અંજાર તાલુકાના તથા કચ્છના વિસ્તારના સર્વે શહેર તથા ગામડાઓના સત્સંગી તથા સત્સંગપ્રેમી બાળકો, યુવાનો, વડીલોને સહકુટુંબ પધારેલ. વક્તાપદે કથાકાર શાસ્ત્રી સ્વામી નારાયણપ્રિયદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું.

આ ઉત્સવમાં સાંખ્યયોગી મહંત ત્રિવેણીબેન ગુરુ શાન્તાબેન આદિ સર્વે સાં.યો. બહેનો તથા યજમાન અ.નિ. કાનજીભાઈ તેજાભાઈ હુંબલની સ્મૃતિમાં હ. શામજીભાઈ કાનજીભાઈ હુંબલ (શ્રીજી કૃપાવાળા) તથા પરિવારજનો માન. મંત્રીજીશ્રી વાસણભાઈ આહિર, જીવાભાઈ શેઠ, વેલજીભાઈ બીજલ હુંબલ (માજી જિલ્લા પંચાયત પ્રમુખ), બાબુભાઈ ભીમાભાઈ હુંબલ (આહિર અગ્રણી તથા ઉદ્યોગપતિ) અરજણભાઈ કાનાભાઈ હુંબલ, બાબુભાઈ રાઘુભાઈ હુંબલ, વાલજીભાઈ શામજીભાઈ હુંબલ તથા જખાભાઈ ભીમાભાઈ હુંબલ, દેવરાજભાઈ બીજલભાઈ હુંબલ, અનિરૂધ્ધભાઈ ભચુભાઈ હુંબલ, કાનાબાઈ દુદાભાઈ હુંબલ, સચીનભાઈ શામજીભાઈ હુંબલ, પરિનભાઈ ભચુભાઈ હુંબલ, રામજીભાઈ બીજલભાઈ હુંબલ, ભીખાભાઈ બીજલભાઈ હુંબલ, દેવાભાઈ પરબતભાઈ હુંબલ તથા સમસ્ત હુંબલ પરિવાર તથા કરસનભાઈ પચાણભાઈ ગોગરા ગામ ભીમાસર થયેલ.

સંતો તથા ભક્તોએ આ પ્રસંગને ખૂબ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

- અહેવાલ : ઠક્કર મેહુલકુમાર પ્રવીણચંદ્ર (અંજાર)

## શ્રી સ્વામિ. કન્યા વિદ્યા મંદિર ખેલ મહાકુંભમાં સિધ્ધિ

રાજ્ય યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ગાંધીનગર તથા રાજ્ય રમત-ગમત અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર આયોજિત રાજ્ય લેવલના ખેલ મહાકુંભ અંતર્ગત હેન્ડબોલ અને એથ્લેટિકસની સ્પર્ધા તા. ૨૧-૧૨-૨૦૧૨ થી તા. ૨૩-૧૨-૨૦૧૧ એમ ૩ દિવસ સુધી યોજવામાં આવેલ હતી. જેમાં શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થિનીઓએ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરીને સિધ્ધિ પ્રાપ્ત કરી હતી. જ્યારે એથ્લેટિક્સ યુ.-૧૬ સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થિનીઓમાં ઊંચીકૂદ અને લંગડીકૂદમાં ધો. ૧૧ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કુ. મેપાણી મનિષાએ પ્રથમ ક્રમાંક અને વેકરીયા ધનલક્ષ્મીએ તૃતિય ક્રમાંક પ્રાપ્ત કરી શાળા તેમજ કચ્છનું નામ રોશન કર્યું હતું.

શાળાની વિદ્યાર્થિનીઓની સિધ્ધિને ભુજ મંદિરના પૂ. મહંતસ્વામી, પૂ. વડીલ સંતો, ટ્રસ્ટીઓ તથા સંસ્થાના પ્રમુખ શ્રી વિશ્રામભાઈ દબાસીયા, મંત્રી શ્રી પ્રવીણભાઈ પિંડોરીયા તથા સમગ્ર સંચાલક સમિતિ તેમજ શાળાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, વ્યાયામ શિક્ષિકા રશ્મિતાબેન વીરડા તેમજ કોચ શ્રી ગોકલભાઈ આહિરે અભિનંદન પાઠવ્યા હતા.

## માંડવી : ધનુર્માસની ઉજવણી

માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજની અસીમકૃપાથી તથા માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીની આજ્ઞાથી તથા સ.ગુ. સ્વામી સનાતનદાસજીના આશીર્વાદથી માંડવી શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજના પટાંગણમાં તા. ૧૭-૧૨-૨૦૧૧ થી તા. ૧૪-૦૧-૨૦૧૨ સુધી ધનુર્માસ નિમિત્તે ધુનોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર ધનુર્માસ દરમ્યાન સંગીતના સૂરોના સથવારે સંતો-ભક્તોએ મહામંત્રની ધુનનો આનંદ માણ્યો હતો. કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-માંડવી તાલુકાના ૧૨ મંડળોના સભ્યો દ્વારા અલગ-અલગ દિવસે અલગ-અલગ ધુનોની ભવ્ય રમઝટ બોલાવવામાં આવી હતી. પ્રત્યેક દિવસે સંતોના આશીર્વચન તેમજ યજમાનશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. અલગ-અલગ દિવસે મહંત સ.ગુ. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ. સ્વામી નિષ્કામચરણદાસજી, સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજી આદિ સંતોએ આશીર્વચન પાઠવ્યા હતા.

તા. ૨૫-૧૨-૨૦૧૧ ના ભવ્યાતિભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે-સાથે રાસની રમઝટ પણ ભક્તોએ માણી હતી. આ ઉત્સવના મુખ્ય યજમાનપદે ગામ માંડવીના હરજીભાઈ ગાંગજી વેકરીયા, સુપુત્ર મહેશ તથા ગામ રામપર હાલે ઓસ્ટ્રેલિયાના માવજીભાઈ કરસન રાજાણી, સુપુત્ર રમેશ તથા ગામ મસ્કાના ધનજીભાઈ હરજી હીરાણી, સુપુત્ર રામજીભાઈ રહ્યા હતા.

તા. ૧૪-૧-૧૨એ ધનુર્માસનો અંતિમ દિવસ હોવાથી સમગ્ર મંદિરને ફૂલોથી સુશોભિત કરવામાં આવ્યું હતું. જે પૈકી ફૂલોના શૃંગાર તથા મુખ્ય મંદિરના વચ્ચે ફૂલોથી સુશોભિત ઝુમ્મરના યજમાન ગામ માંડવીના હરજીભાઈ ગાંગજી વેકરીયા, સુપુત્ર મહેશ તથા પિયાવાના લાલજીભાઈ મનજી ગાજપરીયા, સુપુત્ર સુરેશ રહ્યા હતા.

આ અંતિમ દિને ફૂલ શૃંગાર, વિશેષ પ્રસાદી, મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના યજમાનશ્રીઓ હરજીભાઈ ગાંગજી વેકરીયા, સુપુત્ર મહેશ તથા માંડવીના માવજી વિશ્રામ ભુડિયા, હ. મેઘજી તથા વિનોદ તથા માંડવીના નાનજીભાઈ પ્રેમજી સુરજાણી સુપુત્ર ગોવિંદ, જેન્તી, પરેશ તથા શ્રી સહજાનંદ કન્સ્ટ્રકશનના મેઘજીભાઈ લાલજી વેકરીયા તથા મેઘજીભાઈ લક્ષ્મણ હીરાણી તથા માવજી લાલજી વેકરીયા, સુપુત્ર પરેશ તથા કાંતિલાલ રહ્યા હતા. સમગ્ર ધનુર્માસ દરમ્યાન જુદી-જુદી સવિશેષ સેવા કરનાર દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## સરલી : ધનુર્માસની ઉજવાણી

શ્રી સ્વામિનારાયણ મંદિર-સરલી મધ્યે તા. ૧૭-૧૨-૨૦૧૧ થી તા. ૧૫-૧-૨૦૧૨ દરમ્યાન ધનુર્માસની ઉજવણી કરવામાં આવી હતી. આ સમયે શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે રોજ સવારે ૬:૦૦ થી ૬:૩૦ બહેનોના મંદિરમાં તેમજ સંતોની પ્રેરણાથી ભાઈઓના મંદિરમાં પણ ૬:૩૦ થી ૭:૦૦ દરમ્યાન વાજિંત્રો સહિત ધુનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધુનનો લાભ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, યુવતી મંડળ તેમજ બાળમંડળ અને સૌ ગ્રામજનોએ લીધો હતો અને છેલ્લે ધનુર્માસની સમાપ્તિ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તરફથી ફુલોત્સવ અને રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવ ખૂબ જ આનંદ અને હર્ષોલ્લાસ સાથે સૌ ગ્રામવાસીઓએ ઉજવ્યો હતો.

અહેવાલ :- શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-સરલી

## શ્રી સ્વામિ. વિશ્રાંતિ ભુવન-વિલેપાર્લે ધનુર્માસની ઉજવણી

શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન-વિલેપાર્લે મુંબઈ ખાતે ધનુર્માસ દરમ્યાન રોજ મોટી સંખ્યામાં હરિભક્તો પ્રાતઃ ૬:૦૦ વાગ્યે હાજરી આપી ઉચ્ચ સ્તરે શ્રીહરિના નામની ધુન દ્વારા ભક્તિમય વાતાવરણનું સર્જન કરી શ્રીજી મહારાજનો રાજીપો મેળવી ધન્ય બન્યા હતા અને દર રવિવારે સ્વામિનારાયણ મહામંત્રની ધુન સાથે પ્રભાતફેરી કાઢવામાં આવતી હતી. જેમાં પણ નાના-મોટા સૌ ભક્તો જોડાતા હતા. સમગ્ર ધનુર્માસ દરમ્યાન સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ્વામી કેશવપ્રિયદાસજી તથા સ્વામી નિર્ભયજીવનદાસજીએ શ્રીજી મહારાજને ધરાવેલ અવનવા પ્રસાદોનો સૌ હરિભક્તોને લાભ મળે તેની ખૂબ જ કાળજી લીધી હતી અને ધનુર્માસના પાછળના ૧૫ દિવસ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ્વામી ભક્તિવિહારીદાસજી, સ્વામી કૃષ્ણવલ્લભદાસજી અને સ્વામી શ્રીજીનંદનદાસજી પધાર્યા હતા અને ૧૫ દિવસ સ્વામી શ્રીજીનંદનદાસજીએ પોતાની આગવી શૈલી દ્વારા વિવિધ રાગોમાં ધુનની રમઝટ બોલાવીને સૌ હરિભક્તોને પ્રફુલ્લિત કર્યા હતા.

તા. ૧૫-૧-૨૦૧૨, રવિવારના રોજ ધનુર્માસ સમાપ્તિ નિમિત્તે શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારના ૯ થી ૧૧ વાગ્યા દરમ્યાન સત્સંગસભા રાખવામાં આવી હતી. જેનો બહોળી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો અને મંદિર હરિભક્તોથી ભરચક થતાં મંદિરમાં જગ્યા પણ ઓછી પડી હતી અને શાકોત્સવના યજમાન કૃષ્ણપરિવારના આમંત્રણને માન આપી સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, પુ. સ્વામી પરમહંસદાસજી અને પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી આદિ નાના મોટા સંતોએ પધારીને સૌ હરિભક્તોને આશીર્વાદ આપી રાજી કર્યા હતા. શાકોત્સવના યજમાનોએ વિલેપાર્લે મંદિરના મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજીને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું તથા અન્ય સંતોનું ફૂલહારથી સન્માન કર્યું હતું. શાકોત્સવના યજમાનોનું વિલેપાર્લે મંદિર તરફથી શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર સભાનું સંચાલન પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ સંભાળ્યું હતું અને છેલ્લે આભારવિધિ લાલજીભાઈ ખીરા શાહએ કરી હતી અને ત્યારબાદ સભા સમાપ્તિ પછી સૌ હરિભક્તોએ ભોજનરૂપી મહાપ્રસાદ લીધો હતો.

- અહેવાલ : પરેશ તુલસીદાસ સાંખલા

## અંજાર : પ્રભાતફેરી

અંજાર મધ્યે બિરાજમાન સર્વાવતારી પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાંનિધ્યમાં મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, વડીલ સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતોની પ્રેરણાથી અંજાર મધ્યે નૂતન મંદિરના ખાતમુહૂર્ત ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર પ્રભાતફેરીનું સંગીત નૃત્ય ગાન સાથે ભવ્યાતિ ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યું.

સવારે ૭:૩૦ વાગ્યે મંદિરમાંથી પ્રસ્થાન કરીને શહેરના અલગ-અલગ વિસ્તારમાં અંજાર શહેરના મુખ્ય માર્ગો પર ફરતી ફરતી મંદિરમાં પરત ફરી ત્યારપછી સર્વે હરિભક્તો, બાઈઓ તથા ભાઈઓને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું. પ્રસાદ લઈને સૌ છૂટા પડ્યા હતા.

આ પ્રભાતફેરીમાં વાડી વિસ્તાર તેમજ શહેરના ભક્તો બહોળી સંખ્યામાં જોડાયા હતા.

આ પ્રસંગે ભુજ મંદિરથી તથા શ્રી

સ્વામિનારાયણ ગુરુકુલ-નારાણપર તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ગાંધીધામથી સંતોએ પધારી શોભામાં અભિવૃધ્ધિ કરી હતી તથા માંડવી, ભુજ તથા સમગ્ર કચ્છના વડીલ તથા નાના-મોટા સર્વે સંતોને વિદ્વાન સંતો તથા અંજાર મંદિરની કાર્યવાહક સમિતિના સભ્યો, સાંખ્યયોગી બહેનો તથા મહિલા મંડળ તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-અંજાર શહેરના તથા બેન્સા વિસ્તાર તથા નાની નાગલપર વાડી વિસ્તારના યુવાનોએ જહેમત ઉઠાવીને ઉત્સવને સફળ બનાવ્યો હતો.

- અહેવાલ : મેહુલકુમાર પી. ઠક્કર - અંજાર

## શ્રી સ્વામિ. સંસ્કારધામ - માંડવી : ખેલ મહાકુંભમાં વિદ્યાર્થીઓની સફળતા

ખેલ મહાકુંભ અંતર્ગત રમત-ગમતનું આયોજન કરવામાં આવેલ, જેમાં તાલુકા-જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ-માંડવીના વિદ્યાર્થીઓએ ખૂબ જ સારો દેખાવ કરી સિધ્ધિ પ્રાપ્ત કરેલ.

પ્રારંભમાં તાલુકા કક્ષાએથી શ્રેષ્ઠ દેખાવ કરી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં જલવંત સિધ્ધિ મેળવેલ. શાળાનાં વિદ્યાર્થીઓમાં અન્ડર-૧૬ મા ૫૦૦૦ મી. દોડમાં હાલાઈ જીજ્ઞેશ (પ્રથમ), ૧૫૦૦ મી. દોડમાં વરસાણી રીતેશ (દ્વિતીય) તેમજ ૪ x ૪૦૦ રીલેમાં દ્વિતીય સ્થાને વેકરીયા હરેશ, હાલાઈ ભરત, વરસાણી શશીકાંત તેમજ ભુડિયા જીનેશ રહ્યા હતા. ઓપન સ્પર્ધામાં ૧૫૦૦ મી. દોડમાં વેકરીયા નિતીન (દ્વિતીય), ૮૦૦ મી. દોડમાં વરસાણી સંજય (દ્વિતીય) તેમજ ૪ x ૪૦૦ રીલેમાં તૃતીય સ્થાન ભુડિયા દેવેન્દ્ર, વરસાણી સંજય, વેકરીયા નિતીન અને લીંબાણી ભરતે પાપ્ત કરલ. આ ઉપરાંત ખો-ખોમાં જિલ્લા કક્ષાએ તૃતીયસ્થાન પ્રાપ્ત કરી સફળતા મેળવેલ.

આ તમામ સિધ્ધિઓ બદલ સંસ્થાના પ્રમુખ શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી, સ્વામી વેદપ્રકાશદાસજી અને આચાર્ય શ્રી મદનસિંહ ચાવડાએ સમગ્ર વિદ્યાર્થીઓ તથા શાળાના વ્યાયામ શિક્ષક શ્રી યશરાજસિંહ ઝાલાને અભિનંદન પાઠવ્યા હતા.

- અહેવાલ : આચાર્યશ્રી

## રાપર : ધનુર્માસ ધુન

રાપર ઓધડવાડી સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિર દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ સુંદર ધુનનુંઆયોજન થયું હતું. તેમાં દરરોજ ઠાકોરજીની આરતી, ધુન થયા પછી સવારે સરસ તાજી ઠંડીમાં ૬:૩૦ થી ૭:૦૦ વાગ્યા સુધી ધુનની રમઝટ બોલાતી હતી. સવારે ધુનમાં બહોળી સંખ્યામાં બાળકો, વડીલો તથા ગૃહસ્થ બહેનોએ લાભ લીધો. દરરોજ ધુન તથા પ્રસાદના યજમાનો લાભ લેતા હતા તથા રસોડા વિભાગમાં હરજી પોલાર, બબાભાઈ, કાનજી કારુ તથા રામજી આરેઠીયા, નાનજી સાંઢા વગેરે હરિભક્તો પ્રસાદ બનાવીને વહેંચણી કરતા.

તા. ૧૫-૧-૨૦૧૨ના રોજ ગુરુકુલના સંતોના સાંનિધ્યમાં ધુનની પૂર્ણાહૂતિ નિમિત્તે શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું તથા મહાઆરતી પણ કરવામાં આવી હતી. ઘણા લોકોએ આ ધુન તથા શાકોત્સવનો લાભ લીધો હતો.

- અહેવાલ : તેજશ એમ. ચાવડા (રાપર)

## નારાણપર પસાયતી : પંચાહ્ન પારાયણ

સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી ગામ નારાણપર મધ્યે તા. ૧૧-૧૨-૨૦૧૧ થી તા. ૧૫-૧૨-૨૦૧૧ સુધી શ્રી નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત પુરુષોત્તમપ્રકાશ ગ્રંથની કથા પારાયણ કરવામાં આવેલ. જેના યજમાનપદે ગામ નારાણપરના સાં.યો. વાલબાઈ શીવજી વેકરીયા રહ્યા હતા. મંડળધારી સ્વામી ધર્મપ્રસાદદાસજી, સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી શાંતિપ્રિયદાસજી, વક્તા સ્વામીભક્તિવિહારીદાસજી, સંગીતકાર સ્વામી

શ્રીજીનંદનદાસજી આદિ સંતમંડળના સંતોએ સંગીતમય કથાનું રસપાન કરાવેલ.

આ દિવ્ય પ્રસંગને દીપાવવા પ.પૂ.ધ.ધૂ. આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ગાદીવાળા લક્ષ્મીસ્વરૂપા તથા મોટા ગાદીવાળાએ પધારી આશીર્વાદ આપ્યા હતા.

આ દિવ્ય પ્રસંગને શોભાવવા માટે મંદિરની કમિટી, સર્વ સાંખ્યયોગી બહેનો, યુવક મંડળ, બાલમંડળ, યુવતી મંડળ, મહિલા મંડળ, બાલિકા મંડળ તથા સર્વે ગ્રામજનોનો સારો સાથ સહકાર મળ્યો હતો.

અહેવાલ : આશ્કી પટેલ

## ભક્તિનગર : શાકોત્સવ

પ.પૂ. મહંતસ્વામીના આશીર્વાદથી ભક્તિનગરમાં શાકોત્સવ કરવામાં આવેલ હતો. તા. ૨૫-૧૨-૧૧ ના રોજ સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ્વામી ગોલોકવિહારીદાસજી, સ્વામી રામસ્વરૂપદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં સ્વામી શ્રીપ્રકાશદાસજીએ કથાનું અમૃતપાન કરાવ્યું હતું. સંચાલન સ્વામી ભક્તિપ્રિયદાસજીએ કર્યું હતું. ખરેખર આ શાકોત્સવ લોયામાં સૂરા ખાચરને ઘરે કર્યો હતો સૌને એની શાકના વઘારની સુગંધ આવી રહી હતી. આવા ઉત્સવો થતાં રહે અને સંતો અમારા ઉપર રાજી રહે એજ.

## કોડકી ( ગંગાજી ) : શાકોત્સવ


ભગવાન શ્રીહરિના ગુણગાન ગવાય તે હેતુથી તા. ૧-૧-૨૦૧૨, રવિવારના કોડકી ગંગાજી મધ્યે ભુજ મંદિરના વડીલ સંતો, સ.ગુ. સ્વામી હરિબળદાસજી, સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તેમજ પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીની ઉપસ્થિતિમાં શાકોત્સવ ઉજવાયો. શાકોત્સવ લીલાની કથા તેમજ સંતોએ સત્સંગનો ખૂબ લાભ આપ્યો. ગામના સર્વે સત્સંગી હરિભક્તોએ બપોરના ભગવાનનો મહાપ્રસાદ શાક, રોટલારૂપી ગ્રહણ કરીને છૂટા પડ્યા હતા. મુખ્ય યજમાન તરીકે મેઘજીભાઈ માવજી હીરાણી રહ્યા હતા.

- અહેવાલ : ક. શ્રી ન. ના.દેવ યુવક મંડળ-કોડકી

## *અંજાર : નૂતન મંદિર ખાતમુહૂર્ત*

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી અને પ્રાતઃસ્મરણીય બ્રહ્મનિષ્ઠ વડીલ સંતોના શુભ આશીર્વાદથી દેશ-વિદેશમાં સત્સંગનો વ્યાપ ખૂબ જ વધ્યો છે સાથો સાથ સત્સંગીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. તેથી અંજાર મધ્યે શ્રી સ્વામિનારાયણ ભગવાનના નૂતન મંદિરના નિર્માણ અન્વયે તા. ૨૭-૨-૨૦૧૨, સોમવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે મહંતસ્વામી આદિ બ્રહ્મનિષ્ઠ વડીલ સંતો અને યજમાનશ્રીઓની મંગલ ઉપસ્થિતિમાં પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે ખાતમુહૂર્ત (શિલાન્યાસ) નો વિધિ શાસ્ત્રોક્ત વિધિવિધાનપૂર્વક ધામધૂમથી ઉજવવામાં આવશે. અંજાર નૂતન મંદિરના નિર્માણકાર્યથી સંતો, સાં.યો. બહેનો અને સ્થાનિક તેમજ દેશ-વિદેશના હરિભક્તો ખૂબ જ પ્રસન્નતા અનુભવી રહ્યા છે. ખાતમુહૂર્તના ભવ્યાતિભવ્ય ઉત્સવમાં દેશ-વિદેશના હરિભક્તોને આ અનેરા અવસરમાં હાજરી આપવા ધર્મસંદેશના આ અંક દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ. દેશ-વિદેશના હરિભક્તો મોટી સંખ્યામાં આ ઉત્સવનો લ્હાવો લેવા પધારે એવી અમારા અંતરની ભાવના છે. આ ભાવનાને માન આપી જરૂર પધારશો અને શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન તથા સંત સમાગમનો લાભ લેશો. આપણાં જીવનમાં ખરું કરવાનું એ જ છે.

- મહંત સ્વામી (ભુજ)



# વિદેશ સમાચાર



## શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર - હેરો : ૧૫ મો વાર્ષિક પાટોત્સવ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - કેન્ટન (હેરો-લંડન) મધ્યે ૧૫ મા વાર્ષિક પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી.

પાટોત્સવની શુભ શરૂઆત, રવિવાર, તા. ૨૫-૧૨-૨૦૧૧ ના રોજ સાંજે પોથીયાત્રા દ્વારા ધામધૂમથી મંદિરના નિલકંઠહોલમાંથી પોથીને વાજતે-ગાજતે મંદિરમાં લાવવામાં આવલ અને કથામંડપમાં પધરાવેલ.

સોમવાર, તા. ૨૬-૧૨-૨૦૧૧ના પૂજારી શ્રી દિનેશ મહારાજે કથાના શુભ પ્રારંભમાં પાટોત્સવના યજમાન ગામ દહીંસરાના ગં.સ્વ. વાલબાઈ કાનજી નારણ હાલાઈ, સુપુત્ર હીરજીભાઈ તથા ધ.પ.અ.સૌ. વીરુબેન અને સહકુટુંબ પરિવાર અને ગામ સામત્રાના પ.ભ. નારણભાઈ દેવજી વરસાણી, ધ.પ. અ.સૌ. કેશરબાઈ, સુપુત્ર રમેશભાઈ, ધ.પ. સુષ્માબેન, સુપુત્ર લાલજીભાઈ, ધ.પ. નીતાબેન અને સહકુટુંબ પરિવારે પૂજન કરાવેલ.

ત્યારબાદ ભુજ મંદિરના પ્રખર વક્તા પૂ. શા. સ્વામી ભક્તવત્સલદાસજી તથા પૂ. શા. સ્વામી હરિપ્રસાદદાસજી દ્વારા શતાનંદમુનિ રચિત શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ કથાની શુભ શરૂઆત થઈ હતી.

મંગળવાર, તા. ૨૭-૧૨-૨૦૧૧ ના સાંજે બાલયુવક મંડળની યુવતીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવેલ તેમજ હરિભક્તોને પ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવેલ, જેના યજમાન ગામ કોડકીના વાલજીભાઈ શામજી ડબાસીયા સહપરિવાર અને ગામ સરલીના શીવજીભાઈ નારણ રાબડીયા સહપરિવાર રહ્યા હતા.

બુધવાર, તા. ૨૮-૧૨-૨૦૧૧ ના સાંજે યુવકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવેલ તેમજ પ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવેલ. જેના યજમાનપદે પાટોત્સવના યજમાન હાલાઈ પરિવાર અને વરસાણી પરિવાર રહેલ.

ગુરુવાર, તા. ૨૯-૧૨-૨૦૧૧ના એશીઆના ચેરીટેબલ ટ્રસ્ટથી મહેમાનો / કાર્યકર્તાઓ શ્રી યોગેશભાઈ ટેલી (ટ્રસ્ટી) અને શ્રી ભરતભાઈ પટેલ પધારેલ. તેઓનું સંતો દ્વારા હાર્દિક સ્વાગત કરવામાં આવેલ. એશીઆનાં એક એવી ચેરીટી છે, જેના દ્વારા નાના વિકલાંગ અને માનસિક બિમાર બાળકોને સહાય કરવામાં આવે છે.

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, કેન્ટન-હેરો તરફથી મંદિરના ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ રાબડીયાએ શ્રી યોગેશભાઈ ટેલીને અનુદાનનો ચેક અર્પણ કરેલ. તે જ દિવસે સાંજે કથા બાદ સારી એવી સંખ્યામાં હરિભક્તો સમુહમાં રાસોત્સવનો આનંદ માણ્યો હતો.

શુક્રવાર, તા. ૩૦-૧૨-૨૦૧૧ ના બાળ યુવક મંડળના યુવકો દ્વારા ભક્તિસંગીતનો કાર્યક્રમ રજુ કરવામાં આવેલ. તમામ હરિભક્તોને પ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવેલ. જેના યજમાનપદે પાટોત્સવના યજમાન હાલાઈ પરિવાર અને વરસાણી પરિવાર રહેલ.

શનિવાર, તા. ૩૧-૧૨-૨૦૧૧ ના સાંજે સિંહાસન ઉપર ધ્વજારોપણ માટેની ઉછવણી કરવામાં આવેલ, જે કાર્યક્રમનું સંચાલન પૂ. સ્વામી મહાપુરુષદાસજીએ સંભાળ્યું હતું.

શ્રી ઘનશ્યામ મહારાજના સિંહાસનના

ચડાવાના યજમાનપદે રાશી યુ.કે. લીમીટેડ, હ. પ.ભ. દિનેશભાઈ વરસાણી, પ.ભ. દેવરાજભાઈ વરસાણી તથા પ.ભ. રમેશભાઈ વરસાણી તથા મયુર કેટરર્સ હ.પ.ભ. નારાણભાઈ ભુડિયા તથા જગદિશભાઈ માવજી કેરાઈ ઊંચો આંક આપી યજમાનપદે રહ્યા હતા. ભાઈઓનાં સભામંડપમાં સિંહાસનના યજમાનપદે રાશી યુ.કે. લી. તથા ઓમ સ્ક્રીપ્ટસ હ. પ.ભ. પ્રવીણભાઈ વરસાણી તથા પ.ભ. નંદુભાઈ વરસાણી ઊંચો આંક આપી યજમાનપદે રહ્યા હતા. બહેનોના સભામંડપના સિંહાસનના યજમાનપદે ક્લીન સ્ટોન લી. હ. નાનબાઈ કલ્યાણ ટપરીયા તથા ઈવેન્ટ્સ ઈન સ્ટાઈલ હ. પ્રિયાબેન રસિક વેકરીયા ઊંચો આંક આપી યજમાનપદે રહ્યા હતા. ત્રણે યજમાન પરિવારો સંતોના આશીર્વાદ તથા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

રવિવાર, તા. ૧-૧-૨૦૧૨ ના નવા વર્ષના દિને મંદિરના પૂજારી શ્રી દિનેશ મહારાજે વેદોક્ત મંત્રોના ઉપચારો સાથે પંચામૃતથી અભિષેક ભુજ થી પધારેલ સંતોના વરદ્ હસ્તે કરાવેલ. ભરચક એવા સભામંડપમાં રહેલ ભાઈઓ/બહેનો હરિભક્તોએ દર્શન દ્વારા લાભ લીધો હતો. આ પવિત્ર દિવસે ભગવાન આગળ વિવિધ પ્રકારના અન્નકૂટના થાળ ધરાવવામા આવેલ. ત્યારબાદ ત્રણ સિંહાસન પર ધ્વજના યજમાનશ્રીઓ તરફથી ધ્વજારોપણ કરવામાં આવેલ.

કથા પ્રસંગ દરમ્યાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના તથા પૂ. મહંતસ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ શ્રવણ કરવામાં આવેલ. ત્યારબાદ ભુજ મંદિરના પૂ. સ્વામી મહાપુરુષદાસજી, પૂ. સ્વામી નંદકિશોરદાસજીએ પોતાની ભાવવાહી શૈલીમાં સભાને આશીર્વાદ આપ્યા હતા. ત્યારપછી મંદિરના ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ રાબડીયાએ મંદિરના ૧૫ મા વાર્ષિ પાટોત્સવમાં પધારેલ પૂ. સંતો, હરિભક્તો અને સેવા કરતા તમામ નાના-મોટા સેવાભાવી હરિભક્તોને યાદ કરી આભાર વ્યક્ત કર્યો હતો. કથાની પૂર્ણાહુતિ બાદ અન્નકૂટના થાળ બોલી પૂ. સંતો, યજમાનશ્રીઓ, સેવાભાવી યુવાનો, તમામ હરિભક્તો, સમુહમાં આરતીનો લાભ લીધો હતો. ચારે હજારની સંખ્યામાં પધારેલ હરિભક્તોને બપોરના મહાપ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવેલ.

આ ઉત્સવ ઉપર મંદિરમાં યુવાન હરિભક્તોએ અતિ સુંદર શણગાર કરી મંદિરને શોભાવ્યું હતું.

:: પાટોત્સવમાં મળેલ ભેટ ::

તા. ૨૬-૧૨-૨૦૧૧ - શ્રી ઘનશ્યામ મહારાજના અતિ સુશોભિત વાઘા ગામ માધાપરના પ.ભ. મેઘજીભાઈ હીરાણી સહપરિવાર તરફથી અર્પણ કરવામાં આવેલ.

તા. ૩૦-૧૨-૨૦૧૧- શ્રી ઘનશ્યામ મહારાજના અતિ સુશોભિત વાઘા ગામ શ્રી બળદિયાના પ.ભ. લાલજીભાઈ વાલજી દેવજી જેસાણી તથા ધ.પ. વાલબાઈ લાલજી જેસાણી સહપરિવાર તરફથી ભેટ અર્પણ કરવામાં આવેલ.

તા. ૧-૧-૨૦૧૨ - શ્રી ઘનશ્યામ મહારાજના અતિ સુશોભિત વાઘા કથાના યજમાનશ્રીઓ તરફથી ભેટ અર્પણ કરવામાંઆવેલ.

પાટોત્સવના શુભ પવિત્ર દિવસે કથાના યજમાન પરિવારો તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને સેવાની રકમ ભેટ અર્પણ કરવામાં આવેલ.

કથાના યજમાન પરિવારો તરફથી ભુજ શ્રી નરનારાયણદેવને ભુજ, માંડવી, અંજાર અને પ્રસાદી મંદિર, ઠાકોરજીના થાળ અને સંતોને રસોઈની સેવા, સંતોને સાત દિવસ ધોતિયા અને રસોઈની સેવા એવી જ રીતે અહીં શ્રી હરિકૃષ્ણ મહારાજને ભેટ અર્પણ કરવામાં આવેલ.

પાંચે સિંહાસન આગળ અન્નકૂટ થાળના યજમાનપદે કથાના યજમાનશ્રીઓએ સેવા આપેલ.

પાટોત્સવના શુભ પવિત્ર દિવસે શ્રી

ઘનશ્યામ મહારાજને ગામ શ્રી બળદિયાના પ.ભ. નારણભાઈ કરસન મુરજી તરફથી ભેટ અર્પણ કરવામાં આવેલ. જશુબેન નટુભાઈ પટેલ તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને એક સોનાની ચેઈન ભેટ અર્પણ કરવામાં આવેલ.

અન્નકૂટમાં વપરાયેલ તમામ ફળ અને શાકપાનની સેવા તેમજ ઉત્સવમાં તમામ જરૂરીયાત ફૂલની સેવા (કિંગ્સબરી ફ્રુટ એન્ડ વેજ) ના માલિક શ્રી હીરજીભાઈ વાલજી હીરાણી તરફથી સેવા.

જમણવારમાં વપરાયેલ તમામ દૂધ તેમની સેવા ગામ શ્રી બળદિયાના પ.ભ. માવજીભાઈ ધનજી વેકરીયા (કેનફોર્ડ બિલ્ડર્સ) તરફથી.

ગામ બળદિયાના પ.ભ. રત્નાભાઈ રાઘવાણી તથા પુષ્પાબેન રત્ના રાઘવાણી તરફથી ૧૦૦ ગેલન દૂધની સેવા આપવામાં આવેલ.

ગામ શ્રી રામપરના પ.ભ. શીવજીભાઈ જાદવા કેરાઈ તરફથી ઉત્સવમાં રાસનની સેવા અર્પણ કરવામાં આવેલ.

- કાનજીભાઈ મનજી કેરાઈ (મંત્રી)

## શ્રી ક. સ. સ્વામિ. મંદિર-ઈસ્ટલંડન વિવિધ ઉત્સવો

ઠાકરથાળી : તા. ૧૨-૧૨-૨૦૧૧, શનિવારે પ.ભ. પુરુષોત્તમ ઝીણા હીરાણી પરિવાર ગામ ઉ.સુખપરવાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવ્યો. પ.ભ. પુરુષોત્તમભાઈ યુ.કે. થી પર્થ (ઓસ્ટ્રેલિયા) પ્રયાણ કરશે તે નિમિત્તે તેમના તરફથી આ ઠાકરથાળીની ઉજવણી કરવામાં આવી.

તા. ૧૩-૧૧-૨૦૧૧, રવિવારના રોજ અમદાવાદ-ભુજ-વડતાલથી પ્રસાદ આવે તે નિમિત્તે ધામધૂમથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવેલ.

તા. ૨૭-૧૧-૨૦૧૧, રવિવારે પ.ભ. સુરેશભાઈ લાલજી ભુડિયા પરિવાર ગામ માનકુવાવાળા તરફથી તેઓ યુ.કે. થી ઓસ્ટ્રેલિયા-પર્થ જવા પ્રયાણ કરશે તે નિમિત્તે તેમના તરફથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવેલ. સુરેશભાઈ તથા તેમના પરિવારે ઈસ્ટલંડન મંદિરના વિવિધ ઉત્સવો જેવા કે, બાળકોને ઈનામ, દિવાળીની આતશબાજી વગેરેમાં સુંદર યોગદાન આપેલ છે. મંદિર તરફથી સુરેશભાઈનું સન્માન કરવામાં આવેલ અને નવો દેશ, નવી ભૂમિમાં આ પરિવારને મહારાજ સુખીયા રાખે તથા સેવાકાર્યમાં પ્રેરિત કરે એવી શુભેચ્છા મંદિરના પ્રમુખશ્રીએ પાઠવી હતી.

તા. ૧૧-૧૨-૨૦૧૧, રવિવારનારોજ મહાગ્રંથ વચનામૃતની ૧૯૨ મી વર્ષગાંઠ નિમિત્તે સમૂહમાં વચનામૃત વાંચનનું યુવકમંડળ દ્વારા આયોજન કરવામાં આવેલ અને વચનામૃત જયંતિ નિમિત્તે ઠાકરથાળી ઉત્સવનું આયોજન પણ કરવામાં આવેલ. સ્પોર્ટસ ડે :- તા. ૧૮-૧૨-૨૦૧૧, શ્રી ઈસ્ટ મંદિર યુવક મંડળ દ્વારા આયોજિત ક્રિસમસ સ્પોર્ટસ ડેનું આયોજન મ્યુનિસિપલના મોટા હોલમાં રાખવામાં આવેલ. આખો દિવસ યુવકો વિવિધ રમતો રમ્યા. આ પ્રસંગે પ.ભ. ચેતનકુમાર, બહેન હીના દેવશીભાઈ વરસાણી પરિવાર ગામ ભારાસરવાળા તરફથી સર્વેને બપોરે ભોજનરૂપી પ્રસાદ આપવામાં આવેલ.

તા. ૨૫-૧૨-૨૦૧૧, રવિવારે ક્રિસમસની રજાના દિવસે મંદિરની ૨૫ મી વર્ષગાંઠ તથા ઘનશ્યામ મહારાજને દશ વર્ષ નિમિત્તે યુવક મંડળ દ્વારા મંત્રલેખન કરવામાં આવેલ. સાથે ચિત્રકામ અને ઉત્સવની તૈયારી કરવામાં આવેલ. આ ૧૧ કલાકના સતત મંત્રલેખનમાં યુવકો સતત મહારાજને રાજી કરવા ખૂબ મહેનત કરેલ. બેન્ડપાર્ટીના યુવકોએ પણ સૂરમાં સૂર મેળવેલ. આ શુભ દિવસે મહાપ્રસાદરૂપી ભોજનના યજમાન પ.ભ. ધર્મેશભાઈ શામજીભાઈ કાનજીભાઈ વેકરીયા પરિવાર ગામ બળદિયાવાળા રહ્યા હતા.

- અહેવાલ : અરવિંદભાઈ વેકરીયા (મંત્રી)
પુલકિતભાઈ કોરાટ

## શ્રી ક. સ. સ્વામિ. મંદિર-નૈરોબી પંચાહ્ન પારાયણ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન ગામદેવી મુંબઈ તથા શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન-નૈરોબી, આમ બન્ને વિશ્રાંતિ ભુવનની સ્થાપનાના ઉપલક્ષમાં શ્રી કચ્છ સત્સંગ સ્વામિ. મંદિર-નૈરોબી (ભુજ નરનારાયણદેવ મંદિરના તાબાનું) માં પંચાહ્ન પારાયણ તા. ૮-૧૨-૧૧, બુધવારથી તા. ૧૨-૧૨-૧૧, સોમવાર સુધી ધામધૂમપૂર્વક આયોજન થયું.

આ પ્રસંગે ભુજ મંદિરથી પધારેલ સ.ગુ.પુ. સ્વામી ભગવદ્જીવનદાસજીના મંડળના પુ. સ્વામી વ્યાસમુનિદાસજીએ વ્યાસાસન ઉપર આરુઢ થઈ શ્રી મુક્તાનંદ કાવ્ય અંતર્ગત વિવેક ચિંતામણીનું સુમધુર, રસાળ અને સુગમ વાણીમાં ભક્તજનોને કથામૃતનું પાન કરાવેલ હતું. સવાર અને સાંજ મોટી સંખ્યામાં હરિભક્તો હાજર રહી કથા-વાર્તા તથા સંત સમાગમનો અલભ્ય લાભ લીધો હતો.

તા. ૧૨-૧૨-૧૧, સોમવારના રોજ કેન્યાદેશના પ્રજાસત્તાકદિને સવારે કથા બાદ શા. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી તથા શા. સ્વામી નારાયણમુનિદાસજીએ સર્વે હરિભક્તોને અંતરના આશીર્વાદ આપ્યા હતા તથા વડીલ હરિભક્તો, બહારગામથી પધારેલ વડીલોના પ્રાસંગિક પ્રતિભાવો બાદ મંત્રીશ્રી જાદવજીભાઈ હાલાઈએ આભારવિધિ કરી હતી. ત્યારબાદ ૯:૩૦ વાગ્યે કથા પૂર્ણાહુતિની આરતી થઈ હતી.

બપોરે ૧૨:૦૦ વાગ્યે સર્વે હરિભક્તોને મહાપ્રસાદરૂપી ભોજન શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર-નૈરોબી તરફથી પીરસવામાં આવેલ હતું.

- અહેવાલ : નારાણભાઈ ગોરસીયા (સહમંત્રી)

## માખણ ચોરી એક રહસ્ય

- સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી

જયશ્રી કૃષ્ણ, મિત્રો !

હંમેશાં પદાર્થની ચોરી ત્યારે જ થાય છે કે જ્યારે પોતાના ઘરમાં તે વસ્તુ ન મળે. પરંતુ કનૈયાના તો ઘરમાં બીજા ઘરો કરતાં ઘણી ગાયો હોવાથી દૂધ-દહીંની રેલમ છેલ હતી અને વળી તે રાજા નંદજી અને યશોદાના એકના એક લાડીલા કુંવર હતા તો પછી તેઓ કૃષ્ણને જમાડવામાં ખોટ કેમ રાખે ? ન જ રાખે.

બીજું કારણ, શ્રીકૃષ્ણ ગોપીઓના ઘરોમાંથી પૈસા, કપડાં કે બીજી વસ્તુઓની ચોરી નથી કરી. સામાન્ય રીતે જે ચોર હશે તે તો કિંમતી વસ્તુની જ ચોરી કરશે. એટલા માટે જ માખણની ચોરીમાં રહસ્ય છે. તે શું ? તો,

વસ્તુતઃ એ ભગવાન અતિ રૂપાળા, કોમળ, સરલ, મનોહર, હોશિયાર આદિ અનંત ગુણોથી યુક્ત છે. તેથી સર્વે ગોપીઓ ભગવાનમાં સહેજે સહેજે ખેંચાઈ જતી હતી. તે ઈચ્છતી હતી કે કૃષ્ણ અમારે ઘરે આવે અને માખણાદિ ચોરી કરી અમોને આનંદ આપે. જો ગોપીઓ જશોદાના ઘરે કોઈપણ નિમિત્ત લઈને કૃષ્ણને રમાડવા જાય તો મર્યાદા રાખવી પડે અને ઈચ્છાને અનુસારે પ્રેમ પણ ન થાય અને પોતાને ઘરે લઈ જાય તો પણ સમયમર્યાદા રહે અને વઢવું હોય કે બીજી લીલા કરવી હોય, તો તે પણ ન થાય. તેથી ગોપીઓ જ સ્વયં અધિક પ્રેમના લાભથી અને અધિક અલગ-અલગ લીલાના દર્શન કરવાની ઈચ્છાથી કોઈપણ પ્રકારે કૃષ્ણ અમારે ત્યાં આવે તેવો પ્રયાસ કરતી હતી.

અને વળી બીજું, ઋષિઓ, દેવી-દેવતાઓ, અપ્સરાઓ આદિ દૈવી આત્માઓ જ ગોપીરૂપે ભગવાનની

સાથે આનંદ લેવાને માટે અવતરેલ અને તે સર્વે રાજા નંદજીને ઘરે જઈ ન શકે, મર્યાદા છે. માટે ગોપીઓ સ્વયં જ ભગવાનની સાથે લીલાના આનંદને માટે માખણ ચોરવા માટે પ્રેરેલ.

અને વળી બીજું કારણ કે જ્યારે ભગવાને માખણની ચોરી કરી ત્યારે તેમની ઉંમર વધારેમાં વધારે પાંચ વર્ષની હતી. તો શાસ્ત્રોના નિયમ પ્રમાણે કે લોકકાયદાના નિયમપ્રમાણે તે બાળક નિર્દોષ છે.

હવે જે બાળપણમાં ચોરીનાં સંસ્કાર પડે છે તે ઉંમરની સાથે સાથે વધારે વધે છે અને મોટી ચોરી થાય છે. પણ ભગવાન જ્યારે મથુરા કે દ્વારિકામાં ગયા ત્યારે તેવું નથી કર્યુ. તો આપણે તેમને ચોર કેમ કહી શકીએ. અને વળી જે માત્ર નાની ઉંમરમાં જ પૂતના, બકાસુર આદિ ઘણાં અસુરોને માર્યા. આવું સામર્થ્ય બીજામાં ન હોય. અર્થાત્ જે ભગવાન જ હોય તેમનામાં જ સંભવે, તો તેવા સમર્થ ચોરી કેમ કરે ? ના જ કરે.

અને વળી, તે સમયે ભારતમાં ગૌમાતાનું ખૂબ મહત્ત્વ હતું અને ઘરોઘર ગાયો રાખવામાં આવતી. તેથી ઘી, દૂધ, દહીં આદિ વસ્તુ સામાન્ય ગણાતી તેથી લોકો તેને વહેંચતા નહીં, વહેંચવું તે નીંદનીય હતું. પણ કંસનું શાસન આવ્યું એટલે તે પ્રથા વિખેરાઈ અને વ્રજવાસીજનો પોતાના સંતાનને નહીં આપીને પૈસાના લોભની ઈચ્છાથી વહેંચવા લાગ્યા. એટલે કૃષ્ણે વિચાર્યું, અમો ચારવા જઈએ અને અમોને જ ન મળે તેથી આ પ્રથાને દૂર કરવા માટે, સમજતાં તેમને સમજાવ્યા અને ન સમજતાં ત્યાં ચોરી કરતા કે પછી મટકીફોડો કરી નાખતા. પણ દુષ્ટ કંસને ત્યાં જવા દેતા નહીં. તેમાં પણ ગોપીઓ જ પોતે ભગવાનને તેમ કરવા પ્રેરેલ. આવી રીતે ચોરી કરવાના ઘણાં કારણો હતા અને તેમાં ગોપીઓની જ ઈચ્છા હતી. તો આપણે કનૈયાને ચોર કેમ કહી શકીએ ? ન જ કહી શકીએ.

તો પછી વ્યાસજી, કાલિદાસ આદિ કવિઓએ તેમને ચોર કેમ કહ્યા છે ? તેમાં પણ વિશેષતા છે.

બાલ્યાવસ્થામાં બકાસુર આદિ અસુરોના પ્રાણને ચોરનારા, ગોપીઓના ઘરોમાં માખણને ચોરનારા, જમુનાના ધરામાં સ્નાન કરતી એવી ગોપીઓના વસ્ત્રોને ચોરનારા, બ્રહ્મા-ઈન્દ્રાદિ દેવોના અભિમાનને ચોરનારા, મોરલી વગાડી કરીને ગાય આદિ પ્રાણીઓના ચિત્તને ચોરનારા, ગોપ અને ગોપીઓને પણ અતિ આનંદ આપીને ચિત્તને ચોરનારા, રાધિકાજીના હૃદયને ચોરનારા, કાળીયા નાગનું પોતાના ચરણના સ્પર્શમાત્રથી જ ઝેરને ચોરનારા, સૂર્યપુત્રી એવી જમુનાના જળમાં રહેલ ઝેરને પણ ચોરનારા, ગોપીજનોનાં અજ્ઞાનને ચોરનારા, વાછડારૂપે અને અજગરરૂપે આવેલ અસુરોનાં બળને ચોરનારા, ગોવર્ધનધારણ કરીને પિતા આદિક સર્વે વ્રજવાસીઓના દુઃખોને ચોરનારા, ચંદન ચર્ચવાનું બહાનુ બતાવી કરીને કુબજાના કુરુપને અને મનને ચોરનારા, અતિ ગરીબ એવા મિત્ર સુદામાની ગરીબીને ચોરનારા, વિદૂરના શોકને ચોરનારા, દ્રૌપદીના વસ્ત્રને ઉતારનારા એવા દુષ્ટ દુઃશાસનાદિ કૌરવોના ગર્વને ચોરનારા, યુધ્ધને વિષે સગા-સંબંધીમાં ભ્રમમાં પડેલ એવા અર્જુનના અજ્ઞાનરૂપી અંધકારને ચોરનારા અને સર્વે આગળ રહેલા કૌરવોના અભિમાનને ચોરનારા, અતિ શ્રેષ્ઠ, મહાન વિદ્વાન, જ્ઞાની પુરુષોના પણ ચિત્તે ચોરનારા અને અનેક જન્મથી પાપ કરતા આવતા એવા જીવાત્મા જે પોતાને શરણે આવેલ હોય તેમના સર્વે પાપો અને કષ્ટોને ચોરનારા એવા ચોરોના રાજા શ્રીકૃષ્ણને હું પ્રણામ કરું છું.

આવી રીતે કવિઓ જે ભગવાનને ચોર કહ્યા છે તેમાં તો સર્વેને સુખ જ થાય એમ છે અને સર્વેજનો સામેથી ઈચ્છે જ છે. જેનું ગાન સર્વે વિદ્વાનો, ભક્તો, મહાપુરુષો મુક્તો કરે છે એમ આપણે પણ નિર્દોષભાવ રાખીને ગાન કરીને મુક્ત થઈએ. ઈતિ.

# શ્રી સ્વામિ. ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૧૦૦૧/- અ.નિ. વેલજી હરજી ગોરસીયા-નારાણપર હાલે ઓલ્ડહામ હ. પ્રેમજીભાઈ કથા પારાયણ નિમિત્તે ભેટ
૫૦૦/- ધનજી ભચુ ગામી - મીરજાપર હ.મનજીભાઈ કથા પારાયણ નિમિત્તે ભેટ.
૧૧૧૨/- મનિષા કલ્યાણ હાલાઈ - કોડકી હાલે નૈરોબી તેમના લગ્નપ્રસંગે તથા લંડન ACCA ડીગ્રી મળી નિમિત્તે ભેટ.
૨૦૧/- રાજન હરિરામ ચૌહાણ-પુના ચીંચવડ, સુપુત્રી ચિ. નિભાના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૫૧/- ભાવેશસિંહ બિપિનસિંહ રાઠોડ - ભુજ શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૨૦૦/- વાલજી શામજી વેકરીયા-બળદિયા ઉ.વા. ગાયમાતાના મોક્ષાર્થે ભેટ.
૧૦૦/- નારાણ કેશરા ધનજી વેકરીયા-માંડવી હાલે લંડન સુપુત્ર ચિ. વજેન્દ્ર, પુત્રી દીપિકાના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૫૧/- નિકેશ વાલજી હીરાણી-સુખપર-રોહા સગાઈ થઈ તે નિમિત્તે ખુશાલી ભેટ.
૨૫૧/- હરીશ વેલજી કેરાઈ - બળદિયા ઉ.વા. નવી બાઈક ખરીદી તે નિમિત્તે ભેટ.
૫૫૧/- કરસન લાલજી હાલાઈ-કુંદનપર પૌત્રના જન્મ નિમિત્તે શ્રી નરનારાયણ પ્રસન્નતાર્થે ભેટ.
૫૦૦/- રામજી જેઠાલાલ વરસાણી, ધ.પ. પ્રેમીલાબેન આદિ પરિવાર-સામત્રા કથા પારાયણ નિમિત્તે ભેટ.
૧૦૧/- કેતન સી. ગોર-ભુજ ધનુર્માસ નિમિત્તે ભેટ.
૧૫૧/- વિનોદ હીરજી કેરાઈ- કુંદનપર પુત્ર જન્મ નિમિત્તે ભેટ.
૫૦૦/- કેશરા વેલજી ભુવા, ધ.પ. ધનબાઈ આદિ પરિવાર-મદનપુર ભુજ મંદિરમાં કથા પારાયણ નિમિત્તે ભેટ.
૫૦૧/- લાલજી મનજી જાગાણી-સુરજપર હાલે લંડન, ધનુર્માસ નિમિત્તે ભેટ.
૩૦૦/- અ.નિ. નારાણ જાદવા ખેતાણી-ઉ. સુખપર થાળ, રસોઈ, મંડળ ભર્યા તે નિમિત્તે ભેટ.
૪૫૦૦/- રાજુભાઈ પરબત વોરા-બળદિયા ઉ.વા. સુપુત્ર ચિ. જયના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૧/- શિલ્પાબા સિધ્ધરાજસિંહ ઝાલા-તલસાણા સુપુત્ર ચિ. જયવીરસિંહ એમ.બી.બી.એસ.માં ઉત્તિર્ણ થયા તે નિમિત્તે.
૧૦૧/- ગોવિંદ નારાણ ભુવા-મદનપુર પિતાશ્રી અ.નિ. નારાણભાઈ ના મોક્ષાર્થે ભેટ.
૧૫૧/- રામજી લાલજી વરસાણી-માધાપર સુપુત્ર ચિ. હરીશના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૫૦૦/- અ.નિ. પ્રેમજીભાઈ હીરજી, ધ.પ. કેશરબાઈ - માધાપર કથાપારાયણ નિમિત્તે તેમના મોક્ષાર્થે ભેટ.
૫૦૦/- માવજી અરજણ પિંડોરીયા - માધાપર ભુજ મંદિરમાં કથા પારાયણ નિમિત્તે ભેટ.
૨૦૦/- નીલભાઈ લાલજી રત્ના ભુડિયા-ફોટડી હાલે મોમ્બાસા જન્મદિવસ નિમિત્તે ભેટ.
૨૦૦/- લાલજી રત્ના ભુડિયા - ફોટડી હાલે મોમ્બાસા કથા પારાયણ નિમિત્તે ભેટ.
૨૦૦/- નારાણ રત્ના ભુડિયા - ફોટડી હાલે મોમ્બાસા શિવપુરાણ કથા પરાયણ નિમિત્તે ભેટ.
૧૦૦/- તેજેન્દ્ર ધારશીભાઈ સોની - માનકુવા દુકાનના શુભારંભ પ્રસંગે ભેટ.
૫૦૦૦/- શ્રી સ્વામિનારાયણ મંદિર - માંડવી ભક્તચિંતામણી પંચાહ્ન પારાયણ તથા ધનુર્માસ નિમિત્તે ભેટ.
૧૦૧/- ભાનુબેન શીવજી પિંડોરીયા-માધાપર પૌત્રી અક્ષીબેન (હાલે લંડન) ના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૧૧૧/- લાલજી મુરજી વાઘડિયા-કેરા દીકરી નિર્મળા પ્રવીણ વેકરીયા (કીસુમુ-કેન્યા) ને ત્યાં પુત્ર જન્મ નિમિત્તે ભેટ.
૨૫૧/- રામજી લાલજી વરસાણી-માધાપર રાસોત્સવ તથા ભુજ મંદિરમાં સંતોને રસોઈ તેમજ જન્મદિવસ નિમિત્તે ભેટ.
૫૦૦/- રામજી દેવજી વરસાણી-સુખપર ભુજ મંદિરમાં પંચાહ્ન પારાયણ નિમિત્તે ભેટ.
૨૦૦/- ધનજી પ્રેમજી મેપાણી-કેરા નવા પ્લોટ ખરીદ્યા તે નિમિત્તે ભેટ.
૫૦/- રામજી પ્રેમજી મેપાણી - કેરા નવા પ્લોટ ખરીદ્યા તે નિમિત્તે ભેટ.
૫૦/- પ્રવીણ પ્રેમજી મેપાણી - કેરા નવા પ્લોટ ખરીદ્યા તે નિમિત્તે ભેટ
૫૦/- અલ્પેશ હરીશ નારાણી - કેરા નવા પ્લોટ ખરીદ્યા તે નિમિત્તે ભેટ.
૫૦/- અરવિંદ હરીશ નારાણી-કેરા નવા પ્લોટ ખરીદ્યા તે નિમિત્તે ભેટ.
૧૦૦/- ધીના શાન્તિ વસાણી - કેરા નવા પ્લોટ ખરીદ્યા તે નિમિત્તે ભેટ.


























(૧-૨-૩) નારણપર ની.વા. કથા પ્રસંગે પોથીપૂજન કરતા સાં.યો. બહેનો તથા યજમાન હરિભક્તો અને પૂ. આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રા. (૪-૫-૬-) મકર સંક્રાંતિના દિવસે પધારેલા સંતો ગામના ભક્તો તથા ફૂલથી શણગારેલ મંદિરના અલૌકિક દર્શન-મેઘપર. (૭-૮) શ્રી સહજાનંદ ગુરુકુળ, માનકુવા ખેલ મહાકુંભ પ્રારંભ, તેમજ દિપ પ્રાગટ્ય કરતા સંતો. (૯) મહાકુંભમાં ૧૬ થી નીચેની વય માટેની સ્પર્ધામાં સિદ્ધિ પ્રાપ્ત કરનાર શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર-ભુજની વિદ્યાર્થિની બહેનો. (૧૦-૧૧-૧૨) બળદિયા ઉપલોવાસ સાં.યો. કાનબાઈ જેસાણીની કથા પ્રસંગે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતો તેમજ કથા શ્રવણ કરતાં હરિભક્તો.

RNI NO. GUJGUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh Regd. No. GKCH-158/2012-2014
WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2012

# શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીમાં ધામધુમથી ઉજવાયા ઉત્સવો
## ધનુર્માસ ધુન મહોત્સવ, શાકોત્સવ, કથાપારાયણ જ્ઞાન યજ્ઞ મહોત્સવ














પ.પૂ. મોટા મહારાજશ્રી દ્વારા લેવાયેલ
ભુજ મંદિરનું દૃશ્ય